RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 244* Date: 01.07.2022 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# કરાચીમાં આતંકવાદીની ટ્રેનિંગ પણ લીધી હતી ,આઈએસઆઈએસ માટે સ્લીપર સેલ બનાવી રહ્યા હતા

## આરોપીઓ પાક.ના ૮-૧૦ મોબાઈલ નંબરો પર વાત પણ કરતા હતા

ઉદયપુર,તા.૩૦

રાજસ્થાનના ઉદયપુરમાં કનૈયાલાલની હત્યા કરનાર રિયાઝ અને ગૌસ મોહમ્મદ રાજસ્થાનના ૮ જિલ્લામાં આઈએસઆઈએસ માટે સ્લીપર સેલ બનાવી રહ્યા હતા. રિયાઝે આ માટે પાકિસ્તાનના કરાચીમાં આતંકવાદીની ટ્રેનિંગ પણ લીધી હતી. ભાસ્કરની ટીમે આરોપીના સંબંધીઓ, પાડોશીઓ અને પોલીસ અધિકારીઓ સાથે વાત કરીને રાજસ્થાનમાં આતંક ફેલાવવાનું મોટું ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે.રિયાઝ જબ્બાર ૨૦ વર્ષ પહેલાં ઘર છોડી ગયો હતો. રોજગારની શોધમાં ઉદયપુર આવેલો રિયાઝ પાકિસ્તાનમાં બેઠેલો એક મૌલાના દ્વારા બ્રેનવોશ કરવામાં આવ્યું હતું. તેના લગ્ન કરાવ્યા અને પછી તેને ટ્રેનિંગ માટે અને ગૌસ મોહમ્મદને પાકિસ્તાન મોકલ્યો હતો.


ટ્રેનિંગ બાદ રિયાઝે તેની સાથે ગૌસ મોહમ્મદ જોડાયો હતો. બંને ઉદયપુર, ભીલવાડા, અજમેર, રાજસમંદ, ટોંક, બુંદી, બાંસવાડા, જોધપુર જિલ્લામાં તેઓ ગરીબ અને બેરોજગાર યુવાનોને ઉશ્કેરીને સ્લીપર સેલ બનાવી રહ્યા હતા. આશંકા છે કે આ સ્લીપર સેલ આઈએસઆઈએસ માટે બનાવવામાં આવી રહ્યા હતા. આ માટે આરબ દેશોમાંથી ફંડિંગ પણ કરવામાં આવ્યું હતું. બંને આરોપીએ કરૌલી, જોધપુર, ભીલવાડા બાદ ઉદયપુરમાં રમખાણો મચાવવા માટે કનૈયાલાલની હત્યા કરી હતી.

રિયાઝ ૨૦ વર્ષ પહેલાં ઘર છોડીને ઉદયપુર આવ્યો હતો. અહીં તેની ગૌસ મોહમ્મદ સાથે મિત્રતા થઈ. બંને મોટા ભાગનો સમય સાથે રહેતા હતા. આ દરમિયાન રિયાઝ પાકિસ્તાનથી ઓપરેટ થતું ગ્રુપ દાવત-એ-ઈસ્લામની સાથે સંપર્કમાં આવ્યો હતો. આ ગ્રુપે તેના લગ્ન પણ કરાવ્યા હતા. પાકિસ્તાનમાં બેઠેલા મૌલાનાએ રિયાઝનું બ્રેનવોશ કર્યું, તેને તથા ગૌસ મોહમ્મદને ટ્રેનિંગ માટે પાકિસ્તાન બોલાવ્યા હતા.

વર્ષ ૨૦૧૪માં રિયાઝ અને ગૌસ મોહમ્મદ ૩૦ લોકો સાથે પાકિસ્તાનના કરાચી ગયા હતા. તેમની સાથે ઉદયપુરના વસીમ અત્તારી અને અત્તાર રાજા પણ ત્યાં હતા. અહીં તેને આતંકવાદી



ગૌસ મોહમ્મદ



રિયાઝ જબ્બાર

સંગઠનોએ ટ્રેનિંગ આપી હતી. ૪૫ દિવસની ટ્રેનિંગ પછી ૧ ફેબ્રુઆરી ૨૦૧૪માં બંને ભારત પરત ફર્યા હતા. બંને દાવત-એ-ઈસ્લામી અને પાકિસ્તાનનો રાજકીય પક્ષ તહરીક-એ-લબ્બેકના સંપર્કમાં હતા.રિયાઝ અને ગૌસ મોહમ્મદ ૨૦૧૪ અને ૨૦૧૯માં સાઉદી અરેબિયા અને ૨૦૧૭-૧૮માં નેપાળ ફંડિંગ માટે ગયા હતા. સાઉદી અરેબિયામાં તે સલમાન અને અબુ ઈબ્રાહિમ સાથે સતત સંપર્કમાં હતા. આ બંને દાવતે-એ-ઈસ્લામ સંગઠન સાથે પણ જોડાયેલા હતા.આરબ દેશોના ફંડિંગથી બંનેએ પહેલા ગરીબ અને બેરોજગાર યુવાનોને મદદ કરી અને તેમને વિશ્વાસમાં લીધા હતા. બંનેનો હેતુ રાજસ્થાનમાં સ્લીપર સેલનું નેટવર્ક બનાવવાનો હતો. રિયાઝ અને ગૌસ મોહમ્મદે ઉદયપુર, બાંસવાડા, જોધપુર, ભીલવાડા, અજમેર, રાજસમંદ, ટોંક, બુંદી જિલ્લાના યુવાનોને ઘણા વ્હોટ્સએપ ગ્રુપ સાથે જોડ્યા હતા.ગ્રુપમાં બ્રેનવોશ કરવા માટે ઉશ્કેરણીજનક વીડિયો પોસ્ટ કરતા હતા. રિયાઝ યુવકોને અન્ય ધર્મના લોકો પર હુમલો કરવા માટે ઉશ્કેરતો હતો. તેમને કહેતો કે બદલો લો અથવા બંગડીઓ પહેરી લો. રિયાઝે વીડિયો જાહેર કરીને ઉદયપુરના હિસ્ટ્રીશીટર અને બદમાશોને પણ હુમલો કરવા માટે ઉશ્કેર્યા હતા.નૂપુર શર્માના નિવેદન બાદ સાઉદી અરેબિયાના સલમાન અને અબુ ઈબ્રાહિમે પણ રિયાઝ અને ગૌસને 'ઉદાહરણ બતાવવા' માટે

# કેનેડા અંડર-૧૯ ટીમમાં ૧૫માંથી ૧૦ ખેલાડીઓ મૂળ ગુજરાતી! નવસારીનો જશ બન્યો કેપ્ટન

અમદાવાદ,તા.૩૦

ક્રિકેટએ એક ઝુનુનુ છે. ભારતમાં એ થી પણ વધારે ક્રિકેટ એ એક ધર્મ બની ગયો છે. સચિન તેંડુલકર દુનિયાભરમાં આ ક્રિકેટના ભગવાન તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. ત્યારે ઘણાં એવા ખેલાડીઓ છે જેમને દેશમાં તક નથી મળતી તો તેઓ બીજે એટલેકે, વિદેશમાં જઈને પણ પોતાના ટેલેન્ટને પ્રસ્થાપિત કરતા હોય છે. કંઈ આવું જ કર્યું છે નવસારી જિલ્લાના યશ અને એ સિવાય કેનેડામાં રહેતા બીજા ગુજ્જુ બોઈસે. નવસારીનો જશ કેનેડાથી ભારત આવી પુના સ્થિત ક્રિકેટ ક્લબમાં તાલીમ લીધી હતી. જે બાદ ૮ મહિના પહેલાં તેની કેનેડાની ટીમમાં સ્થાન મળ્યું હતું. કેનેડાની અંડર ૧૯ ટીમમાં ગુજરાતીઓનો ડંકો વાગ્યો છે. ૧૫ પ્લેયરની સ્કોડમાં ૧૦ પ્લેયર મૂળ ગુજરાતી છે. જેમાંથી ૨ પ્લેયર નવસારીના છે. જશ શાહ અને સિદ્ધ લાડ બંને ખેલાડીઓ નવસારીના છે. ત્યારે, હવે કેનેડામાં રહીને પણ ગુજરાતીઓ ગુજરાતનું નામ રોશન કરશે. મૂળ નવસારીના અને કેનેડામાં ૧૭ વર્ષથી સ્થાયી થયેલાજશ પટેલનું કેનેડા ક્રિકેટ ક્લબમાં અંડર ૧૯ વર્લ્ડ કપ ટીમ માટે ૮ મહિના પહેલા સિલેક્શન થયું હતું. ત્યારે હવે તેના સારા પ્રદર્શનના પગલે કેનેડા ક્રિકેટના પદાધિકારીઓએ જશને કેનેડા અંડર ૧૯ ટીમની સુકાની આપી છે. જશ શાહ કેનેડામાં બિઝનેસ ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરી રહ્યો છે. સાથે સાથે તે ક્રિકેટ પણ રમે છે. જશના પિતા પણ ક્રિકેટ પ્રેમી છે. જેના કારણે જશનો પણ ક્રિકેટમાં રસ વધ્યો હતો. જશના ક્રિકેટમાં રસ વધતાં તેના પિતાએ તેને પુણે ખાતેની ક્રિકેટ ક્લબમાં એનરોલ કર્યો હતો. જ્યાં જશે સાત વર્ષ ક્રિકેટની ટ્રેનિંગ લીધી હતી. જે બાદ તે કેનેડા ગયો હતો. જશની ગેમ જોઈને તેને કેનેડા ક્રિકેટ ક્લબમાં એન્ટ્રી મળી હતી. અને હવે તેના સારા પર્ફોર્મન્સને જોઈને તેને અંડર ૧૯ ટીમની આગેવાની કરવાની તક આપવામાં આવી છે.

# એએસએમઈ સેક્ટરને સશક્ત બનાવવાનો અર્થ છે સમાજને સશક્ત બનાવવો:નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આઝાદીના અમૃત મહોત્સવ હેઠળ ઉદ્યમી ભારત કાર્યક્રમમાં ભાગ લીધો. આ અવસરે કેન્દ્રીય મંત્રી નારાયણ રાણે અને ભાનુપ્રતાપ સિંહ વર્મા પણ હાજર રહ્યા. તેમણે 'રાઈઝિંગ એન્ડ એક્સેલરેટિંગ એમએસએમઈ પરફોર્મન્સ (આરએએમપી) પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ અને અન્ય સુવિધાઓનો પણ શુભારંભ કર્યો.



પીએમ મોદીએ કહ્યું કે ભારતની નિકાસ સતત વધી, ભારતની પ્રોડક્ટ્સ નવા બજારોમાં પહોંચે તે માટે દેશના એમએસએમઈ સેક્ટરનું સશક્ત હોવું ખુબ જરૂરી છે. અમારી સરકાર તમારા આ સામર્થ્ય, આ સેક્ટરની અસીમ સંભાવનાઓને ધ્યાનમાં રાખતા નિર્ણય લઈ રહી છે અને નીતિઓ બનાવી રહી છે. લોકલ ઉત્પાદનોને અમે ગ્લોબલ બનાવવાનો સંકલ્પ લીધો છે. મેક ઈન ઈન્ડિયા માટે લોકલ સપ્લાય ચેન બને તેનો પ્રયત્ન છે, જે ભારતની વિદેશો પર નિર્ભરતા ઓછી કરી શકે. આથી એમએસએમઈ સેક્ટરનો વિસ્તાર કરવા પર અભૂતપૂર્વ જોર અપાઈ રહ્યું છે.

પીએમ મોદીએ એમએસએમએસ સેક્ટરનો અર્થ ગણાવતા કહ્યું કે અમારા માટે એમએસએમઈનો અર્થ છે Maximum Support to Micro Small and Medium Enterprises. MSME સેક્ટરને મજબૂતાઈ આપવા માટે છેલ્લા આઠ વર્ષમાં અમારી સરકારે બજેટમાં ૬૫૦ ટકાથી વધુનો વધારો કર્યો છે. ભારત આજે ૧૦૦ રૂપિયા કમાય છે તો તેમાંથી ૩૦ રૂપિયા સ્જીસ્ઈ સેક્ટરથી આવે છે. MSME સેક્ટરને સશક્ત કરવાનો અર્થ છે સમાજને સશક્ત બનાવવો. બધાના વિકાસના લાભના ભાગીદાર બનવું.

પીએમ મોદીએ કહ્યું કે આજે સમગ્ર દુનિયા ભારતની અર્થવ્યવસ્થાની ગતિ જોઈને પ્રભાવિત છે અને આ ગતિમાં ઘણી મોટી ભૂમિકા આપણા સ્જીસ્ઈ સેક્ટરની છે. આથી એમએસએમઈ આજે Micro Economy ની મજબૂતાઈ માટે પણ જરૂરી છે. આજે ભારત જેટલું નિકાસ કરે છે તેમાંથી ઘણો મોટો ભાગ સ્જીસ્ઈ નો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા અમે એ સુનિશ્ચિત કર્યું છે કે આ ઉદ્યમ આગળ પણ વધે. જો કોઈ ઉદ્યોગ આગળ વધવા માંગતો હોય, વિસ્તાર કરવા માંગતો હોય, તો સરકાર માત્ર તેને સહયોગ આપે છે તેવું નથી પરંતુ સાથે સાથે નીતિઓમાં જરૂરી ફેરફાર પણ કરે છે. કેન્દ્ર સરકારે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ હેઠળ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાની મદદ સ્જીસ્ઈજ માટે સુનિશ્ચિત કરી. જેનાથી લગભગ ૧.૫ કરોડ રોજગાર ખતમ થતા બચ્યા જે ખુબ મોટો આંકડો છે.

# ફેસબુકના માધ્યમથી પદ ઉપરથી રાજીનામું આપનાર ઉદ્ધવ ઠાકરે બીજા મુખ્યમંત્રી બન્યા

મુંબઈ,તા.૩૦

મહારાષ્ટ્રના રાજનીતિમાં હાલ ભૂકંપની સ્થિતિ સર્જાયેલી છે. આખરે સોશિયલ મીડિયા એપ ફેસબુકના મારફતે ઉદ્ધવ ઠાકરેએ રાજીનામું આપી દીધું છે. આની સાથે જ તેઓ દેશના બીજા એવા નેતા બન્યા છે, જેમણે સોશિયલ મીડિયા એપ ફેસબુકના માધ્યમથી રાજીનામું આપી દીધું છે. આવું કારસ્તાન કરનાર પહેલા મહિલા નેતા ગુજરાતના આનંદીબેન હતા. આનંદીબેન પટેલે ૧ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ ફેસબુક દ્વારા મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. જ્યારે આજે એટલે કે ૨૯ જૂન ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્રની રાજનીતિ ડગમગાતા તેઓએ ફેસબુકના માધ્યમથી રાજીનામું આપ્યું છે.

મહત્વનું છે કે, મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે ગુરૂવારે ઉદ્ધવ ઠાકરે સરકારે બહુમત સાબિત કરવાનો હતો. રાજ્યપાલ ભગત સિંહ કોશ્યારીએ આપેલા બહુમત પરીક્ષના નિર્દેશ પર પ્રતિબંધ લગાવવાનો સુપ્રીમ કોર્ટે ઈનકાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટમાં રાજ્યપાલના નિર્ણય પર ફ્લોર ટેસ્ટ ટાળવાને લઈને શિવસેનાએ અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ ફેસબુક દ્વારા રાજ્યની જનતાને સંબોધિત કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રીની સાથે વિધાન પરિષદના સભ્ય પદેથી પણ રાજીનામુ આપી દીધુ છે. ઉદ્ધવ ઠાકરેએ પોતાના સંબોધન પહેલા પોતાના પિતા બાલાસાહેબ ઠાકરેને પણ યાદ કર્યા હતા.

ઠાકરેએ કહ્યુ કે અમે ઔરંગાબાદનું નામ બદલીને સંભાજી નગર કરી દીધુ. તેમણે કહ્યું કે, અમારી સરકારે સતત લોકો માટે કામ કર્યું. મુખ્યમંત્રીએ રાજ્યપાલનો પણ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે કાલે થનારા ફ્લોર ટેસ્ટનો કોઈ મતલબ નથી. કોની પાસે કેટલી સંખ્યા છે તેનાથી મારે કોઈ લેવાદેવા નથી.

મુખ્યમંત્રીએ કહ્યું કે જેને મોટા કર્યા તે મારૂ પાપ છે અને હું તે પાપનો આજે ભોગ બની રહ્યો છું. મને મુખ્યમંત્રી પદ છોડવાનું કોઈ દુખ નથી. ઉદ્ધવે કહ્યું કે, હું ઈચ્છતો નથી કે શિવ સૈનિક રસ્તા પર ઉતરે. ઉદ્ધવ ઠાકરેના રાજીનામા બાદ સંજય રાઉતે ટ્વીટ કરીને કહ્યું કે, આ અગ્નિ પરીક્ષાનો સમય છે.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પોતાના સંબોધનની શરૂઆતમાં કહ્યુ કે, જે પણ સારૂ લાગે છે, તેને નજર લાગી જાય છે. તેમના તરફથી તે વાત પર દુખ વ્યક્ત કરવામાં આવ્યું કે, જે અમારા હતા, તેણે સાથ આપ્યો નહીં. અને જે તેને તે પોતાની સાથે માનતા નહોતા, તે અંત સુધી સાથે ઉભા રહ્યાં.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગુજરાતના રાજકારણની લોખંડી મહિલા તરીકે પણ ઓળખાય છે. ૨૧ નવેમ્બર ૧૯૪૧ના રોજ જન્મેલા આનંદીબેનનું પ્રારંભિક શિક્ષણ ગામમાં જ થયું હતું. ચોથા ધોરણ પછી જે શાળામાં પ્રવેશ કર્યો તેમાં ૭૦૦ છોકરાઓ વચ્ચે એકમાત્ર છોકરી હતી. એથ્લેટિક્સના સારા ખેલાડી રહ્યા છે. આ માટે તેમને વીર બાલા એવોર્ડ મળ્યો હતો. આનંદીબેન પટેલે જાતે જ હાઈકમાન્ડને જણાવ્યું હતું કે આવનારી પેઢીને કામ કરવાનો મોકો મળવો જોઈએ.

૧૯૬૦માં વિસનગર કોલેજમાં અભ્યાસ કરતી વખતે તે કોલેજમાં સાયન્સની એકમાત્ર વિદ્યાર્થીની હતા. ૧૯૭૦માં તે પ્રાથમિક શાળાની શિક્ષિકા બન્યા. તેમને શ્રેષ્ઠ શિક્ષક માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિનો એવોર્ડ મળ્યો હતો. વર્ષ ૧૯૮૭માં તેમને ×વીરતા પુરસ્કાર× મળ્યો. હકીકતમાં એક વિદ્યાર્થીનીને ડૂબતી બચાવવા માટે તેમણે પોતે તળાવમાં કૂદી પડ્યા હતા.

૧૯૮૮માં આનંદીબેન ભાજપમાં જોડાયા હતા. તેમણે પ્રથમ વખત દુષ્કાળ પીડિતો માટે ન્યાય માંગવાના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ૧૯૯૪ માં આનંદીબેન પટેલે ચીનમાં ચોથી વિશ્વ મહિલા સંમેલનમાં ભારતનું નેતૃત્વ કર્યું. વર્ષ ૧૯૯૫માં જ્યારે શંકરસિંહ વાઘેલાએ ગુજરાતમાં બળવો કર્યો ત્યારે તેમણે તે મુશ્કેલ સમયમાં નરેન્દ્ર મોદી સાથે પાર્ટી માટે કામ કર્યું હતું. આ સાથે જ મોદી સાથેની નિકટતા વધતી ગઈ. જ્યારે તેઓ ૧૯૯૮માં ગુજરાત કેબિનેટમાં આવ્યા ત્યારે તેમણે શિક્ષણ અને મહિલા અને બાળ કલ્યાણ જેવા મંત્રાલયોનો હવાલો સંભાળ્યો હતો.

તેઓ ૧૯૯૮થી ગુજરાતના ધારાસભ્ય બન્યા હતા. તેઓ નિર્ભય અને નિશ્ચયી મહિલા છે. મોદીના મુખ્યમંત્રી પદ દરમિયાન તે વિવિધ વિભાગોના કેબિનેટ મંત્રી બન્યા હતા. ૨૦૧૪ ના ટોચના ૧૦૦ પ્રભાવશાળી ભારતીયોમાં તેઓ સૂચીબદ્ધ રહ્યા છે.'

# બુલેટ ટ્રેનનું સંચાલન વર્ષ ૨૦૨૬થી શરૂ થશે : રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,તા.૩૦

દેશમાં હાલ મુંબઈ અને અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેનની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. હાલમાં જ એક કાર્યક્રમ દરમ્યાન રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, બુલેટ ટ્રેનનું સંચાલન વર્ષ ૨૦૨૬થી શરૂ થશે. તેમણે કહ્યું કે, સરકાર મુસાફરોની સુવિધા માટે રાત-દિવસ કામ કરી રહી છે. સરકારે આ દિશામાં ઘણા પગલાં લીધા છે, તેના પરિણામો પણ આવવા લાગ્યા છે. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે, ફર્સ્ટ એસીને ભાડાનો આધાર બનાવવામાં આવી રહ્યો છે.

આ પહેલા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ બુલેટ ટ્રેનના ભાડા અંગે સંકેત આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભાડા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પરંતુ તે લોકોની પહોંચમાં હશે. આ માટે ફર્સ્ટ એસીનો આધાર બનાવવામાં આવી રહ્યો છે, જે બહુ વધારે નથી. આના પરથી સ્પષ્ટ થાય છે કે બુલેટ ટ્રેનનું ભાડું ફર્સ્ટ એસી જેટલું જ હશે.

રેલવે મંત્રીએ કહ્યું હતું કે, બુલેટ ટ્રેનનું ભાડું ફ્લાઈટ કરતાં ઓછું હશે અને તેમાં સુવિધાઓ પણ સારી હશે. જોકે, તેમણે કહ્યું કે, પ્રોજેક્ટ પૂરો થયા બાદ જ ભાડું નક્કી કરવામાં આવશે. દેશના બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને સરકાર ઘણી ગંભીર છે. મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ જ બીજો હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.

અશ્વિની વૈષ્ણવે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરવા સુરતની પણ મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું હતું કે, સરકારે ૨૦૨૬માં સુરત અને બીલીમોરા વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આમાં સારી પ્રગતિ થઈ રહી છે અને અમને વિશ્વાસ છે કે ત્યાં સુધીમાં અમે ટ્રેન ચલાવવાનું કામ પૂર્ણ કરી લઈશું.

# મણિપુરમાં આર્મી કેમ્પ નજીક ભૂસ્ખલનનાં કારણે સેનાનાં ૫૦ થી વધારે જવાન દટાયાની આશંકા, ૬ લોકોનાં મોત

ઈમ્ફાલ,તા.૩૦

બુધવાર રાતથી અવિરત વરસાદને કારણે પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ભૂસ્ખલનથી સામાન્ય લોકોની સાથે પ્રાદેશિક સૈન્યના ૫૦ થી વધુ જવાનો ઘાયલ થયા હતા. આ ઘટના ટુપુલ રેલ્વે સ્ટેશન પાસે બની હતી. અત્યાર સુધીમાં છ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે જ્યારે ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા છે. મોટા પ્રમાણમાં કાટમાળ પડવાને કારણે ઈજેઈ નદીનો પ્રવાહ પણ અવરોધિત થયો છે, જેને લઈને આસ-પાસના વિસ્તારોમાં એક જળાશય બની જવા પામ્યુ છે. જેને લઈને નીચાણવાળા વિસ્તારોને ડૂબી શકે તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. નોનીના ડેપ્યુટી કમિશનર દ્વારા જારી કરાયેલ એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે ટુપુલ યાર્ડ રેલ્વે કન્સ્ટ્રક્શન કેમ્પમાં દુર્ભાગ્યપૂર્ણ ભૂસ્ખલનને કારણે ૫૦ થી વધુ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા છે. જ્યારે છ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. ઈજેઈ નદીના પ્રવાહને પણ કાટમાળ દ્વારા અવરોધિત થઈ ગયો છે, સંગ્રહની સ્થિતી ભંદ થઈ તો નોની જિલ્લાના મુખ્ય મથકોના નીચાણવાળા વિસ્તારોમાં ભારે તબાહી મચાવશે આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, જીરીબામને ઈમ્ફાલ સાથે જોડવા માટે એક રેલ્વે લાઈન બનાવવામાં આવી રહી હતી, જેની સુરક્ષા માટે ૧૦૭ ટેરિટોરિયલ આર્મીના જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા. બુધવારે રાત્રે જબરદસ્ત ભૂસ્ખલન થયું હતું. જેમાં અનેક યુવાનો દટાયા હતા. ગુરુવારે સવારે આર્મી, આસામ રાઈફલ્સ, મણિપુર પોલીસ દ્વારા મોટા પાયે બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં સ્થળ પર ઉપલબ્ધ એન્જનીયરિંગના સાધનોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# દેશની અંદર એક જિલ્લા હૉસ્પિટલમાં પ્રતિ ૧ લાખની વસ્તી પર સરેરાશ ૨૪ બેડ

નવીદિલ્લી,તા.૩૦

વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે આપણે દેશ કેટલો તૈયાર છે તે આપણે કોરોના કાળમાં જોઈ લીધુ હતુ. હૉસ્પિટલોમાં બેડ અને ઑક્સિજનની કમીએ દેશની હેલ્થ સિસ્ટમની પોલ ખોલી દીધી હતી. આ દરમિયાન નીતિ આયોગનો એક રિપોર્ટ સામે આવ્યો છે કે દેશની અંદર એક જિલ્લા હૉસ્પિટલમાં પ્રતિ ૧ લાખની વસ્તી પર સરેરાશ ૨૪ બેડ છે. તમે આનાથી અંદાજ લગાવી શકો છો કે હેલ્થ સિસ્ટમમાં હજુ કેટલા સુધારાની જરૂર છે. રાજ્યોની વાત કરીએ તો સૌથી ખરાબ સ્થિતિ બિહારની છે જ્યાં ૧ લાખની વસ્તી પર સરેરાશ ૬ બેડ ઉપલબ્ધ છે. વળી, સૌથી સારી સ્થિતિ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની છે. અહીં ૧ લાખની વસ્તી પર સરેરાશ ૨૨૨ બેડ છે. જિલ્લા હૉસ્પિટલોના કામકાજમાં સારી ગતિવિધિઓના શીર્ષકવાળા નીતિ આયોગના રિપોર્ટમાં સામે આવ્યુ છે કે દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૭૫ જિલ્લા હૉસ્પિટલો બેડ, મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફ, કોર હેલ્થ ડાયગ્નોસ્ટિક ટેસ્ટિંગ સેવાઓની ઉપલબ્ધતાના મામલે સારી જોવા મળી છે.

## તંત્રી સ્થાનેથી...

# આતંકી માનસિકતા

રાજસ્થાનના ઉદયપુરમાં નુપુર શર્માના સમર્થનમાં પોસ્ટ કરનારા દરજી કન્હૈયા લાલની આઈએસના આતંકીઓની જેમ બિભત્સ રીતે ગળું કાપીને કરાયેલી હત્યા પાશવતાની પરાકાષ્ઠા છે. આ પ્રકારની બર્બરતા તો સીરિયા અને અફઘાનિસ્તાનમાં જોવા મળી રહી છે. કન્હૈયા લાલને નિર્મમતાથી મારનારાઓનું દુસ્સાહસ એનાથી સમજાય છે કે તેમણે રૂંવાટાં ઊભાં કરી દેનારા પોતાના પૈશાચિક કૃત્યનો વીડિયો બનાવ્યો, બલ્કે બાદમાં વધુ એક વીડિયો જારી કરીને પોતાના કરતૂતને સાચું ઠેરવતાં વડાપ્રધાન સુદ્ધાંને ધમકી આપી. આવું કામ મજહબી ઉન્માદથી ભરેલો કોઈ ખૂંખાર આતંકી જ કરી શકે છે. કન્હૈયા લાલની હૃદયદ્રાવક હત્યાને આતંકી ઘટના રૂપે જ લેવી જોઈએ અને કેન્દ્ર સરકારે તેની તપાસ એનઆઈએને સોંપીને યોગ્ય જ કર્યું છે. આ મામલે રાજસ્થાન સરકારે સતર્ક રહેવાની જરૂર છે, જેથી બીજે સાંપ્રદાયિક તણાવ ન ફેલાય. તેના માટે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે બંને આતંકીઓને જેટલું જલ્દી સંભવ હોય, કઠોર સજા આપવામાં આવે. આ સજા એવી હોય જે કટ્ટરતા અને ઉન્માદથી ભરેલા એ બધાં તત્ત્વો માટે બોધપાઠ બને, જે સર તન સે જુદા કરવાને પોતાનું મજહબી કૃત્ય સમજવા લાગ્યા છે.

ઉદયપુરની ઘૃણાસ્પદ ઘટના જે દર્શાવી રહી છે કે સર તન સે જુદા માત્ર એક નારો નથી, પરંતુ કબીલાઈ યુગની એક જાહિલ અને ઘૃણિત માનસિકતા છે. આજના યુગમાં આવી બર્બર માનસિકતા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. સભ્ય સમાજને ભયભીત કરનારી ઉદયપુરની ઘટનાઓ માટે ક્યાંકને ક્યાંક એ બધા જ જવાબદાર છે, જેમણે નુપુર શર્માની ટિપ્પણી બાદ સડકો પર ઉતરીને સર તન સે જુદા નારા સાથે ઉત્પાત મચાવ્યો. આ હત્યા માટે એ મહંમદ ઝુબેર પણ ઓછો જવાબદાર નથી, જેની હાલમાં જ ધાર્મિક ભાવનાઓ ભડકાવવા માટે ધરપકડ કરવામાં આવી છે. તેણે ઉપરોક્ત નિવેદન ટ્વીટ કરીને લોકોને બને એટલા ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો, જ્યારે નુપુર શર્માએ પોતાના નિવેદન બદલ સ્પષ્ટીકરણ આપીને માફી પણ માંગી લીધી હતી અને ભાજપે પણ તેમને બરતરફ કરી દીધા હતા. ઉદયપુરની પાશવી ઘટના બાદ રાજસ્થાન સરકાર ફરીથી કઠેરામાં ઊભેલી દેખાય છે. કન્હૈયા લાલને જાનથી મારવાની ધમકીઓ મળતી હતી, તેણે પોલીસમાં ફરિયાદ પણ કરી હતી પરંતુ તેને સુરક્ષા ન આપવામાં આવી. હાલમાં રાજસ્થાન આવી મજહબી ઉન્માદની ઘટનાઓનું એપિસેન્ટર બની ગયું છે. રાજ્ય સરકારના કૂણા વલણને કારણે માથાફરેલ તત્ત્વો છાશવારે છમકલાં કરતા રહે છે. રાજસ્થાન સરકાર અને તેની સાથે જ મુસ્લિમ સમાજના મજહબી-રાજકીય નેતૃત્વએ પણ ચેતવું પડશે. સભ્ય સમાજને શરમમાં મૂકનાર આ ઘટનાની નિંદા-ભર્ત્સના કરવી પૂરતું નથી, તેની સાથે એ કારણોના મૂળમાં પણ જવું પડશે, જેને કારણે ઈસ્લામિક સ્ટેટ જેવા આતંકીઓ જેવા ખૂંખાર અને ઝેરી તત્ત્વો તેમની વચ્ચે ઉછરી રહ્યા છે. આ કારણોની ઓળખ કરીને તેનું સજ્જડ નિવારણ નહીં કરવામાં આવે ત્યાં સુધી સમાજમાં આવી આતંકી માનસિકતા વધતી જશે એ નક્કી છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૨૩ અને ચાંદીમાં રૂ.૫૦૨ની નરમાઈ

કોટનના વાયદાના ભાવમાં રૂ.૬૧૦નો કડાકોઃ મેન્થા તેલ પણ ઢીલુંઃ ક્રૂડ તેલમાં સેંકડા ઘટ્યાઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૮૦૪૫ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૪૫૮૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૪૧ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૭,૬૮૫ સોદાઓમાં કુલ રૂ.૧૨,૬૬૫.૩૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૮૦૪૪.૬૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૪૫૭૯.૫૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૯,૩૦૩ સોદાઓમાં કુલ રૂ.૩,૯૯૦.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૭૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૭૫૦ અને નીચામાં રૂ.૫૦,૫૫૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૩ ઘટી રૂ.૫૦,૬૦૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૭ વધી રૂ.૪૦,૯૯૩ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૩ વધી રૂ.૫,૧૦૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૮૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૨ ઘટી રૂ.૫૦,૭૧૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૯,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૨૮૬ અને નીચામાં રૂ.૫૮,૩૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૫૦૨ ઘટી રૂ.૫૮,૫૫૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ. ૬૮ ઘટી રૂ.૫૯,૨૬૮ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪૨ ઘટી રૂ.૫૯,૫૦૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨,૫૮૨ સોદાઓમાં રૂ.૨,૦૪૬.૧૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૦ ઘટી રૂ.૨૧૦.૫૦ અને જસત જૂન વાયદો રૂ.૪.૧૫ ઘટી રૂ.૨૯૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૫ ઘટી રૂ.૬૯૮ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૧૭૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૨,૫૨૮ સોદાઓમાં કુલ રૂ.૧,૯૪૭.૫૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૭૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૭૧૫ અને નીચામાં રૂ.૮,૫૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૫૩ ઘટી રૂ.૮,૬૨૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭ ઘટી રૂ.૫૧૦.૧૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૩૭ સોદાઓમાં રૂ.૬૦.૫૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૫૧,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૦૦૦ અને નીચામાં રૂ.૪૯,૫૨૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૧૦ ઘટી રૂ.૫૦,૯૧૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૧૦ ઘટી રૂ.૯૯૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૭૦૫.૨૦ કરોડનાં ૩,૩૬૪.૮૦૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૨૮૫.૨૦ કરોડનાં ૩૮૩.૦૭૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૪૧.૫૫ કરોડનાં ૧૪,૩૫,૯૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૭૦૬ કરોડનાં ૧૩૭૬૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૫૨.૬૭ કરોડનાં ૧૧૮૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૭.૮૯ કરોડનાં ૭૭.૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૨૮૦.૩૯૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૯૯.૭૯૦ ટન, ક્રૂડ તેલમાં ૬૬૨૩૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૫૮૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૯૩૨૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૬૪.૪૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૧.૦૯ કરોડનાં ૫૭૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૨૭૪ના સ્તરે ખૂલી, ૭૦ પોઈન્ટ ઘટી ૧૪,૨૦૩ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૪,૫૭૯.૫૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૪.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૧.૯૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૭૫૩.૫૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૩૯.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૩૯.૦૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૭.૭૦ અને નીચામાં રૂ.૨૩૦.૨૦ રહી, અંતે રૂ.૫૨ ઘટી રૂ.૨૫૧.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩ ખૂલી, ઊપરમાં રૂ.૨૪.૩૫ અને નીચામાં રૂ.૨૧.૪૫ રહી, અંતે રૂ.૧.૭૦ ઘટી રૂ.૨૨.૨૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૨૮૫ અને નીચામાં રૂ.૨૪૫ રહી, અંતે રૂ.૧૪.૫૦ ઘટી રૂ.૨૫૪.૫૦ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૯૮ ખૂલી, ઊપરમાં રૂ.૧,૯૭૨ અને નીચામાં રૂ.૧,૬૪૯ રહી, અંતે રૂ.૨૨૯ ઘટી રૂ.૧,૭૦૭.૫૦ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૪૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૪૫ અને નીચામાં રૂ.૫૫૨ રહી, અંતે રૂ.૪૯.૫૦ ઘટી રૂ.૫૭૪.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૦૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૬૨.૧૦ અને નીચામાં રૂ.૩૦૬ રહી, અંતે રૂ.૬૩.૩૦ વધી રૂ.૩૫૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૮.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨.૩૫ અને નીચામાં રૂ.૨૮.૨૫ રહી, અંતે રૂ.૩.૭૦ વધી રૂ.૩૧.૪૦ થયો હતો. સોનું જુલાઈ રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૦ અને નીચામાં રૂ.૧૫૦ રહી, અંતે રૂ.૪૩ વધી રૂ.૨૦૦ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૫૦ અને નીચામાં રૂ.૧,૧૫૫ રહી, અંતે રૂ.૨૫૬.૫૦ વધી રૂ.૧,૬૧૬.૫૦ થયો હતો. ચાંદી ઓગસ્ટ રૂ.૫૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૩૩ ખૂલી, ઊપરમાં રૂ.૧,૬૦૯.૫૦ અને નીચામાં રૂ.૧,૩૩૩ રહી, અંતે રૂ.૨૬૪.૫૦ વધી રૂ.૧,૫૨૭ થયો હતો.

# સિદ્ધપુર તાલુકાના હિસોર ગામે પીવાના પાણીની તકલીફ દૂર કરવા તથા ગામના તળાવમાં પાણી ભરવા તેમજ નવીન બોર તાત્કાલિક બનાવવા રજૂઆત

પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના હિસોર ગામ ખાતે સરકાર ની યોજના તળે પાણીનો બોર આવેલ છે અને તે પાણીનો બોર ખૂબજ જૂનો થયેલ છે અને એના કારણે ગામમાં પાણીનો પુરવઠો મળતો નથી અને આ ઉપરાંત સરકાર દ્વારા નર્મદાની પાણીની પાઈપલાઈન દ્વારા પણ ઓછા પ્રેશરથી પાણી મળે છે પૂરતા પ્રમાણમાં મળતું નથી અને જે અનિયમિત રહે છે હિસોર ગામ ખાતે ગામજનોને પૂરતા પ્રમાણમાં નર્મદા આધારિત પાઈપલાઈન દ્વારા પીવા માટે પાણી મળી રહે અને ગામના તળાવ ભરવામાં આવે તેવી વ્યવસ્થા કરવા તથા હિસોર ગામ ખાતે નવીન બોર બનાવી આપવામાં આવે તો આ ગામની પાણીની મુશ્કેલીઓનો અંત આવે અને લોકોને પાણી કાયમી અને સ્વચ્છ મળી રહે એવી રજૂઆત હિસોર ગામના ગામજનોને માગણી કરી છે અને સરપંચ ઠાકોર હાલાજી માંધાજી દ્વારા પાણી પુરવઠા મંત્રી



ઋષિકેશ પટેલ તેમજ કલેકટર પાટણ જિલ્લા જિલ્લા વિકાસ અધિકારી પાટણ જિલ્લા તેમજ ઈજનેર પાણી પુરવઠા પાટણ જિલ્લાને પત્ર લખી રજૂઆત કરી છેહિસોર ગામના સરપંચએ અને ગામની મહિલાઓને જણાવ્યું હતું કે પીવા માટે પાણી ભરવા માટે એક. બે. કિલોમીટર દૂર દૂર ખેતરોમાં બોર ઉપર તેમજ ચાદેસર ગામની સીમમાં પાણી ભરવા જવું પડે છે અને છેલ્લા છ મહિનાથી હિસોર ગામમાં પીવાના પાણીનો તાસ. છે અને હાલમા અમારા પશુઓ માટે પણ પાણી અમારે માથે બેડા ઉપાડી લાવુ પડે છે અને સરકારને અને પાણી પુરવઠા ના અધિકારીઓ ને અમારી બે હાથ જોડી ને વિનંતી કે અમારા ગામમાં પીવા માટે પાણીની અને પશુઓ માટે પીવા માટે તાત્કાલિક પાણી ની વ્યવસ્થા કરવામાં આવે તેવી અમારી માગણી છે જ્યાં સુધી પાણી ની વ્યવસ્થા ના કરવામાં આવે ત્યાં સુધી હિસોર ગામમાં ટેક્કર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે એક અઠવાડિયા ની અંદર હિસોર ગામમાં પીવાના પાણી તેમજ તળાવ ભરવામાં નહીં આવે તો મહિલાઓ દ્વારા કલેકટર કચેરીએ જઈ માટલા ફોડી જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી કલેક્ટર કચેરીએ ધારણા નો કાર્યક્રમ યોજવાની ફરજ પડશે

# સિદ્ધપુર ખળી ચાર રસ્તા પર ટ્રકનો અકસ્માત સર્જાયો



સિદ્ધપુર ખળી ચાર રસ્તા પાસે છેલ્લા પંદર વીસ દિવસથી અકસ્માતોનો સિલસિલો યથાવત છે ત્યારે આજરોજ ખળી ચાર રસ્તા પર ટ્રક ચાલકનો અકસ્માત સર્જાયો હતો

મળતી માહિતી મુજબ આજરોજ સિદ્ધપુર ખળી ચાર રસ્તા પાસે એક ટ્રક ચાલક લોડીંગ કરી જઈ રહી હતી તે સમયે ડ્રાઈવરે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક ખળી ચારરસ્તા સર્કલ પર ચડી જતા અકસ્માત સર્જાયો હતો અકસ્માત દરમિયાન હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો અકસ્માત દરમિયાન ટ્રકને ભારે નુકસાન થવા પામ્યું હતું અને ડ્રાઈવરને ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યારે વધુ ઈજાઓ હોવાના કારણે તાત્કાલિક સારવાર અર્થે પાટણ ધારપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો

અહેવાલ કમલેશ ગણવાની.

સિદ્ધપુર...

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન'

વિષય પર સેમિનાર યોજાયો

સુરત, તા.૨૯/૦૬/૨૦૨૨

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી, અસંખ્ય લોકોનાં સુખ-દુઃખમાં ભાગીદાર બની, તેમને આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દૃષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ચાલી રહી છે.

'સૌના ભલામાં આપણું ભલું' એવી જીવન ભાવના સાથે ભારતીય સંસ્કૃતિના પ્રચંડ ઉદઘોષ કરવાના કાર્યથી લઈને આદિવાસી ઉત્કર્ષ માટે ૧૯૭૨ થી જીવનપર્યંત ગુજરાતના ડુંગરાળ અને આદિવાસી પ્રદેશોમાં, અંતરિયાળ ગામોમાં ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને સત્સંગ મંડળોની સ્થાપના દ્વારા પ્રમુખસ્વામી મહારાજે આદિવાસી ભાઈઓનાં જીવન આમૂલ પલટી નાખ્યાં છે. વહેમ અને વ્યસનોની ચુંગાલમાંથી છોડાવી સદાચારી બનાવ્યા છે. જીવનમાં કલહ-કંકાસના સ્થાને આજે ભક્તિની મધુર ગીત સરવાણીથી ગુંજતા કર્યા છે. તેમણે કરેલાં આવાં કંઈ કેટલાય આદિવાસી સંસ્કાર ગંગાના ઉત્કર્ષના અદ્વિતીય પ્રદાનને લક્ષ્યમાં રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનનું પ્રદાન" એ વિષય પર તા.૨૯-૦૬-૨૦૨૨ના રોજ ચાણક્ય હોલ, ખાતે બપોરે ૦૧.૦૦ થી સાંજે ૦૪.૪૫ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વક્તા તરીકે બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના વેદાંતાચાર્ય પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સુરતના પૂ. ઉત્તમપ્રકાશદાસ સ્વામી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યાક્ષ ડૉ. પૂ. આત્મતૃપ્તદાસ સ્વામી તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી તેમણે કરેલાં વિવિધ માનવ ઘડતરલક્ષી કાર્યોની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ એચ. આર. ડી.ના કન્વીનરશ્રી ડૉ. ભાવેશભાઈ વાણપરિયાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી તુલસીછોડ આપી સ્વાગત કર્યું હતું તેમજ તેમણે યુનિવર્સિટીની છેલ્લા ૧૫ વર્ષની વિકાસયાત્રાની ટૂંકી રૂપરેખા આપી હતી. સેમિનારના આયોજન અંગેની પૂર્વ યોજના વિષે માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની સ્મૃતિ કરી હતી. સંચાલકશ્રીએ વક્તાનો પરિચય આપ્યો હતો.

"આદિવાસી ઉત્કર્ષમાં પ્રમુખસ્વામી મહારાજનનું પ્રદાન" વિષયક વક્તવ્ય રજૂ કરતા પૂ. જ્ઞાનનયનદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના વિરાટ વ્યક્તિત્વનો પરિચય આપતા જણાવ્યું કે, તેમણે ૧૧૦૦ કરતાં વધારે મંદિરો બનાવી તેના દ્વારા સાંસ્કૃતિક કાર્યો જીવંત રાખ્યા છે. સાથે-સાથે ગામડે-ગામડે ઝૂંપડે-ઝૂંપડે અંતરીયાળ ૧૭ હજાર ગામડાઓમાં વિચરણ કરી ૨.૫ લાખ ઘરમાં પધરામણી કરી છે. ૭ લાખ ૬૦ હજાર પત્રો વાંચી તેના ઉત્તરો આપી તેમને માર્ગદર્શન આપ્યાં છે. રોજની ૨૦૦ થી ૩૦૦ની મુલાકાત કરી ૪૦ લાખ લોકોને વ્યક્તિગત મળ્યા છે. આવો એમના જીવનનો વ્યાપ હતો.

આ જ વર્ષે વ્યસનમુક્તિના અભિયાનમાં બાળકોએ પ્રત્યક્ષ ૧૪ લાખ લોકોનો સંપર્ક કર્યો હતો તેમાંથી ૪ લાખ લોકોને વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા લેવડાવી વ્યસન મુકાવ્યા છે. ૧૫ સ્કુલ, ૧૫ છાત્રાલયો શૈક્ષણિક કાર્ય માટે કાર્યરત છે તેમજ આરોગ્ય સેવામાં ૧૧ હોસ્પિટલો કાર્યરત કરી છે. પૂર, ભૂકંપ, સુનામી જેવી ભયાનક પરિસ્થિતિમાં સંસ્થાએ સેવાઓ આપી છે. સાથે સાથે તેના પુનઃનિર્માણનાં કાર્યોમાં ૧૫ ગામડાઓ દત્તક લઈ ૫ હજાર ઘર બનાવ્યાં. તેમજ તેમની રોજગારીની ચિંતા કરી છે જેની રાજ્ય સરકારે પણ નોંધ લીધી. દુષ્કાળનાં સમયમાં પશુઓની ચિંતા કરી ૪ કેટલકેમ્પો ગુજરાતમાં ચાલુ કરી ૧૦ હજાર પશુઓની સંભાળ પ્રમુખસ્વામી મહારાજે ઉપાડી હતી. એવું તેમણું વિરાટ વ્યકિતત્વ હતું.

તેમાં આદિવાસી ઉત્કર્ષમાં તેમનું અનોખુ પ્રદાન છે. ઉત્તરમાં અંબાજીથી માંડી ડાંગ સુધીના આદિવાસી વિસ્તારમાં ૧ કરોડ આદિવાસી લોકોને લાભ પ્રાપ્ત થયો. તેમાં ગરીબી, વ્યસન, અંધશ્રદ્ધા, ગુનાખોરી, નિરક્ષરતા અને લઘુતાગ્રંથી પીડિત આદિવાસી લોકો છે. તેમનાં ઉત્કર્ષ માટે કાર્યો કરવા સ્વામીશ્રીએ સંતોને સતત પ્રેરિત કર્યા છે.

તેઓ સંસ્કારી થાય તે માટે સ્વામીશ્રી ૧૨-૧૨ વખત આ ગામડાઓમાં પધાર્યાં છે. પોતાના દેહની પરવા કર્યા સિવાય છેલ્લા શ્વાસ સુધી વિચરણ કરી લોકોને વ્યસન મુક્ત કર્યા. સેલવાસમાં ૧૯૭૭-૭૮માં ૧૭ દિવસમાં ૯૦-૯૦ ગામોમાં વિચરણ કર્યું હતું. પોતાના સ્વજન માની ઘરે-ઘરે જઈને વ્યસન-દૂષણો મુકાવ્યા છે. બોડેલી વિસ્તારમાં કોઈ પણ સગવડ વિના ૭૦ વર્ષની વૃદ્ધ વયે વિચરણ કરી આદિવાસી ઉત્કર્ષનાં કાર્યો કર્યાં છે અને તેમનાં સંકલ્પો પૂર્ણ કરી તેમને રાજી કર્યા છે. સ્વામીશ્રીએ રોજના ૨-૨ લીટર દારૂ પીનારા આદિવાસીઓને પણ વ્યસનમુક્ત કરેલા છે.ધરમપુર વાંસદામાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ચાલે છે, તેમાં આદિવાસી લોકો માટે નિઃશુલ્ક સગવડ આપવામાં આવે છે. તેનાથી શૈક્ષણિક જાગૃતિ આવી છે. બાળ સંસ્કાર, મહિલા ઉત્કર્ષ કાર્યો થાય છે. સમૂહ લગ્નોનું આયોજન કરી સૌના સ્વજન બન્યા છે. આદિવાસી સંમેલનો કર્યાં છે. તેની ફળશ્રુતિ રૂપે તેમનામાં રહેલા વ્યસન-દૂષણો છૂટી ગયા છે. આદિવાસી વિસ્તારમાં ચાલતા શિક્ષણ સકુંલોમાંથી ડોક્ટર, એન્જીનીયર, પ્રોફેસર, ડેન્ટલ સર્જન, એમ.બી.બી.એસ. બન્યા છે. તેમની શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થઈ સાથે સાથે મહિલા ઉત્કર્ષ પણ થયો. અત્યાર સુધી સંસ્થા ૩ હજાર આદિવાસી ગામડાઓમાંથી ૨ હજાર ગામડાઓમાં પહોંચી તેમના ઉત્કર્ષનાં કાર્યો કર્યાં છે અને બીજા બાકી રહેલા ગામડાઓ પણ સંસ્કાર અને શિક્ષણ યુક્ત થાય તેવી પ્રાર્થના કરી વક્તવ્ય પૂર્ણ કર્યુ હતું.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યાક્ષ, ડૉ. પૂ. આત્મતૃપ્તદાસ સ્વામીએ જણાવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજ એટલા ઊંડાણ સાથે કાર્ય કરતા એ એક રહસ્ય છે. આદિવાસીઓમાં શૈક્ષણિક, આરોગ્યલક્ષીથી લઈ વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધામાંથી મુક્ત કરી તેમને ઊંચી કક્ષાએ પહોંચાડયા છે. તેમાંથી બીએપીએસ સંસ્થાને ૨૦ જેટલા સંતો પ્રાપ્ત થયા છે. તેઓ નખશીખ આધ્યાત્મિક પુરુષ હતા. તેમનું મુખ્ય કાર્ય ભગવાન ભજવા અને ભગવાન ભજાવવા તે હતું. તેમના સામાજિક કાર્યોની વિશેષતા એ છે કે, તેને કારણે લોકોમાં શાંતિ પ્રવર્તાવી છે અને સમજદારી આવી છે. આવી જ રીતે ગુરુહરિ મહંતસ્વામી મહરાજ પણ એટલા જ ખંતથી આદિવાસી ઉત્કર્ષ કાર્યો કરી રહ્યા છે એમ જણાવી તેમણે પ્રાસંગિક વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર સુરતના કોઠારી પૂ. ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે, પ્રમુખસ્વામી મહારાજે પૃથ્વી પર પધારી જન-જન માટે, તેમાંય આદિવાસીઓના ઉત્કર્ષ માટે ખાસ ખૂબ ઊંડાણ પૂર્વક કાર્ય કર્યુ છે. યુવાનોને વ્યસન મુક્ત કરી શુદ્ધ ચારિત્ર્યયુક્ત બનાવ્યા છે અને બીજાને તેઓ પ્રેરણા આપી રહ્યા છે. આઈ.પી.ડી.સી. ના અભ્યાક્રમોમાં યુનિવર્સિટી અને સંસ્થા સાથે મળી આદિવાસીઓ માટે વિશેષ કાર્યો કરે તેવી અભિલાષા વ્યક્ત કરી હતી.

અધ્યક્ષીય પ્રવચન કરતાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી, ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાના જીવનમાં તેમજ પરિવારમાં બનેલા પ્રમુખસ્વામી મહારાજનાં પ્રસંગોની સ્મૃતિ કરી વ્યસનમુક્તિ માટે પ્રમુખસ્વામી મહરાજનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી મહારાજે જે કંઈ કાર્ય કર્યું તે માનવ સંસ્કૃતિના ઉત્કર્ષ માટે કર્યું છે. આપણે સૌ ખરા અર્થમાં માનવી માનવ બની ભારતીય સંસ્કૃતિને આગળ લઈ જઈએ તેવી પ્રાર્થના કરી હતી.

આમ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીના દિવ્ય જીવન-કાર્યમાંથી પ્રેરણા આપતા ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે

# પ્રભુને પત્ર



હા, સાચું જ વાચ્યુ. હું પ્રભુને જ પત્ર લખું છું.રોજ લખુ છું, પણ આજે થોડો લાંબો લખું છું. હું પ્રભુને 'તું' કહીને બોલાવું છું કારણ, મારો એની સાથેનો સબંધ જ એવો છે તમે પણ આવો સબંધ બાંધી શકો છો સાચું કહું છું, વાંચી જુઓ મારો પત્ર અને પછી મને જણાવજો, તમારા પ્રતિભાવ અચૂક આપશો.

"શું કહીને બોલાવું તને? ભગવાન, ઈશ્વર, પરમાત્મા, મારો રખેવાળ? આમ, તો આ બધા શબ્દો એટલી સમીપતા નથી લાવી શકતા જેટલો તું મારી સમીપ છે. ખુદા દોસ્ત ....આ બરાબર છે ને? કારણ, હું માત્ર ને માત્ર તને જ મારી અંગતમાં અંગત વાતો કહું છું જે તું માત્ર ને માત્ર તારી પાસે જ રાખે છે ક્યારેયતું મારી મજાક નથી ઉડાવતો, બલ્કે તું મને સાંભળે છે. એટ્લું જનહિ મને અહેસાસ પણ કરાવે છે કે તું મારી સાથે જ છે મારા સુખ દુઃખ નો સાથી છે હું ડર્યા વિના તને મારી વાતો કહી શકું છું, અરે, ઘણીવાર તેં મને માર્ગદશન આપ્યું છે સંકેતો આપી આપીને.ક્યારેક કોઈની વાત દ્વારા, ક્યારેક ઘરના બાળકોના મોઢે તો ક્યારેક સ્વપ્નમાં આવીને. એ સંકેતો સમજવાની અને ગ્રહણ કરવાની શક્તિ પણ તો તું જ આપે છે. જો વાહન ચલાવતી હોઉં અને તને ભુલીને અન્ય વિચારોમાં ખોવાઈ જાઉં તો અચાનક રોડ પર નાનો ખાડો કે નાનકડી કાંકરી લાવીને મારું ઓરેવા(વાહન) એકાદ ક્ષણ માટે હચમચાવી દે છે અને મારા મોઢે તારું નામ આવી જાય છે અને સાચું કહું ત્યારે કેવો વિચાર આવે છે કયારેક એવું લાગે છે કે તું ઈર્ષ્યા કરે છે હું કોઈ બીજાના વિચારોમાં ખોવાઈ જાઉં છું તો તારાથી સહન નથી થતું ને ક્યારેક એમ થાય છે કે તું મારીકેટલી પરવા કરે છે કે ક્યાંક મારા વિચારોમાં હું અકસ્માતનો ભોગ ના બનું કે માર્ગ ના ભુલી જાઉં. દરેક પળે તું મને તારી યાદ અપાવેછે ક્યારેક તો તું મને મારો અંગત મદદનીશ લાગે છે તો ક્યારેક અંગત સચિવ તો વળી ક્યારેક ઈમીજેટ બોસ (ઁદ્વદ્વીઢ્ઢૈંઢ્ઢી ઁજજ).

ભગવાન, ઈશ્વર, અલ્લાહ, વાહેગુરૂ જેવા શબ્દો કાને પડતા હતા નાનપણમાં, પણ નાનપણમાં જ સંત નિરંકારી મિશન સાથે જોડાયેલી હોઈ એટલું તો જાણતી હતી કે તું નિરાકાર સ્વરૂપે છે અને જરૂર પડ્યે સાકાર સ્વરૂપો ધારણ કરીને પૃથ્વી પર અવતરે છે. પણ જેમ પાણીને જે વાસણમાં નાખો એ આકાર ધારણ કરે છે અથવા તેનો બરફ બનાવો તો બરફ પણ વાસણનો જ આકાર ધારણ કરે છે એમ તું પણ મારી કલ્પના મુજબનો જ છે. મને હજુ સમજાતું નથી લોકો તને શોધવા કે પૂજવા માટે મંદિર, મસ્જીદ, ગુરુદ્વારામાં કેમ જતાં હશે (હવે જ્યારે કોરોનાએ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા વગેરે ધાર્મિક સ્થાનો બંધ કરાવી દીધા છે ત્યારે કદાચ લોકોને સમજાયું હશે) કે તારી પાસે પોતાની મુરાદો પૂરી કરાવવા પગપાળા પર્વતો ચડે છે, પોતાના તનને કેટકેટલા કષ્ટો આપે છે, વ્રત કરે છે એ પણ ઘણા તો સાવ નકોરડા ય કરે છે. ત્યારે ખૂબ દયા આવે છે ને એમ થાય છે કે રેડિયો પર અને ટેલીવિઝનમાં ઘુસી જઈને કે મોબાઈલો પર બધાને કહું આ બધું છોડો અને અંતર આત્માને ઢંઢોળો, તમારો પરમાત્મા તમારી સાથેજ છે એ પણ ક્યારેક નહિ, હર પળ, તમે ભારતમાં છો કે વિદેશમાં, ગામડામાં છો કે શહેરમાં, બંગલામાં છો કે નાનકડા ઘરમાં કે ઝુંપડામાં. તમારે આટલા હેરાન થવાનીકેતમારા ઈશ્વર અલ્લાહને દૂર દૂર જોવા કે શોધવા જવાની જરૂર નથી.

કહેવાય છે કે હિંદુઓ ચારધામ યાત્રા કરે તો જ જીવનસફળ ગણાય છે અને મુસલમાન બિરાદરો હજયાત્રા કરે અને હાજી બને તો જજીવન ખરા અર્થમાં જીવ્યું ગણાય. હા, વિચાર સારો છે. પણ,મારે બધાને એ કહેવું છે કે એ જ ઈશ્વર કે અલ્લાહના બાળકો/ બંદાઓની સેવા કરીએ, એમની સાથે સારા વાણી-વર્તન રાખીએ, એમને હમેશા ખુશ રાખવાનો પ્રયત્નકરીએ એમનું મન-આત્મા ક્યારેય ભૂલથી પણ ન દુભાય એનું સતત ધ્યાન રાખીએ અને પ્રભુ કે અલ્લાહ પાસેથી આપણે જે અપેક્ષા રાખીએ છીએ કે એ આપણી દરેક મનોકામના પૂરી કરે તો શું આપણે પણ આપણાથી શક્ય એવી મનોકામના આપણા કુટુંબીઓ, સગા-સબંધી,પાડોશી, સમાજની અને રાષ્ટ્રના લોકોની અપેક્ષા પૂરી કરવાનો પ્રયત્ન ન કરી શકીએ.(એ તો આપણે સૌ અનુભવ્યું છે જોયું છે અને માનીએ પણ છીએકે દરેક માતાપિતા એ જ ઈચ્છે છે કે અમારા બાળકો સંપથી રહે, સંસ્કારી અને સુશીલ હોય,તો ઈશ્વર પણ તો સૃષ્ટિનો રચયિતા છે, આપણે બધા પણ એના જ બાળકો છીએ ને?)

જો કોઈ મારી સાથે ખૂબ સારૂં વર્તન રાખે, ખૂબ મીઠું બોલે પણ મારી ગેરહાજરીમાં કે ક્યારેક તો હાજરીમાં પણ મારા બાળકોને વઢે, મારે, ગાળો દે કે એમને અન્યાય કરે તો શું મને ગમશે? સ્વાભાવિકપણે જ વિચારીશ એવું માન-પાન શું કામનું કે જે મને મળે અને મારા બાળકોને એનાથી વિપરિત જ? તો તને તો કેટલું દુઃખ થતું હશે જ્યારે તારા જ બનાવેલા તારા જ બાળકો અંદરોઅંદર લડે ઝઘડે, મારામારી-કાપાકાપી કરે, અરે, તેં તો એક જ માટીથી બનાવ્યા છે ને?પણ લોકોએ નાત-જાત,ધર્મ,ગોરા-કાળા,અમીર-ગરીબજેવા વાડા બનાવીને કેટલા દૂર થતા જાય છે એકબીજાથી? ખરે જ મારા ખુદા દોસ્ત, તું પળેપળ કેટલો દુઃખી થતો હોઈશ જ્યારે જોતો હોઈશ કે જેને મેં સૌથી સર્વોચ્ચ યોનિ આપી, મનુષ્ય બનવાને લાયક ગણ્યા એ જ આવું દુષ્કર્મ કરે છે,તું તો સમજાવવા માટે અવતરીત પણ થાય છે પણ ગણ્યાગાંઠ્યા માનવીઓ જ તને સમજી શકે છે, તારી કૃપાને પાત્ર બને છે, હું માનું છું હવે તો તને થતું હશે આ પૃથ્વીનો જ અંત લાવી દઉં ખરૂં ને? પણ, વહાલા, મને ના તરછોડતો, જ્યાં પણ મને મોકલે તું સદાની જેમ મારી સાથે જ રહેજે, મને સાથે જ રાખજે. ચાલ હવે બીજો પત્ર કાલે લખીશ."

લક્ષ્મી મુરલીધર વાધવાણી,

ગાંધીનગર, ગુજરાત

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 109

શિર્ષક:-રંગાશે

પ્રકાર :-પદ્ય

બાબુ સંગાડા×મહેક×

રસ્તાઓ<br>
મંદિરો<br>
ગલીઓ<br>
ગામો ને સીમો<br>
જોજો કાલ રંગાશે<br>
વસ્ત્રો એક સરખા<br>
ચાલ યે સરખી<br>
ગાવું યે સરખુ<br>
ખાણું યે સરખુ<br>
છતા જુદા જુદા સંતોષાશે<br>
કેટલાક રથો કાઢશે<br>
કેટલાક ભજનો કરશે<br>
કેટલાક જમાડશે<br>
કેટલાક વળી પૂજશે<br>
આ બધા વચ્ચે એકાદ વ્યક્તિ પૂછશે<br>
આંખોથી કુતુંહલતા ભરી<br>
ઉડતા ગુલાલની વાંછટો પીતો<br>
રસ્તાની એક કોર બેઠો<br>
કોને ખબર છે?<br>
ચીંથરેહાલ લીપટાઈ<br>
પોતાની જાતને<br>
પેલા ઊડી આવતા<br>
અબીલ,ગુલાલ વચ્ચે<br>
વસ્ત્રો ઠીક કરતો<br>
કરગરતો<br>
ઈશ્વર કયાં હશે?<br>
રંગોમાં ?<br>
મસ્તીમાં ?<br>
કે,<br>
શ્રધ્ધામાં ?

બાબુ સંગાડા×મહેક×

-----------------------------------

N.O.G. S. S. No. 0102.

નામ:- રતીલાલ વાયડા

વિષય:- ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા.

પ્રકાર:- ગદ્ય. ( લેખ.)

શીર્ષક:- રથયાત્રા.( જગન્નાથપુરી અને ભારતમાં અન્યત્ર.)

રચના:- આજ તારીખ ૧/૭/ ૩૦૨૨ શુક્રવાર અષાઢ સુદ બીજ જેને આપણે રથયાત્રાના દિવસ તરીકે ઓળખીએ છીએ.

યાત્રાધામ જગન્નાથપુરીમાં દર વર્ષે ભગવાન શ્રીકૃષ્ણ ,બલરામ અને સુભદ્રા ત્રણે રથમાં બેસી અને નગર યાત્રાએ નીકળે છે .

આ બાબતમાં અનેક ધાર્મિક માન્યતાઓ અને કથાઓ આપેલી છે .ભગવાન શ્રી જગન્નાથજીના રથને દર વર્ષે કાસ્ટ માંથી તૈયાર કરવામાં આવે છે .અષાઢ સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથજી ને સુંદર પરંપરાગત રીતે શણગારેલારથમાંબિરાજમાન કરવામાં આવે છે.

પરંપરા મુજબ રાજ પરિવારના સદસ્યો તેની પૂજા કરે છે, અને ત્યારબાદ ધાર્મિક વિધિ થયા પછી રથને આખા ગામમાં ફેરવવામાં આવે છે. મોટાભાગે દોરડાથી બાંધે અને લોકો રથને ખેંચે છે અને આમ આ ઉત્સવની શરૂઆત થાય છે.

આ યાત્રા રથ યાત્રામાં જુદા જુદા પ્રાણીઓ શણગારેલા બળદ ગાડા ટ્રકો પરંપરાગત રીતે વેશભૂષામાં લોકો જુદા જુદા પ્રકારના વાજિંત્રો શરણાઈઓ બેન્ડવાજા ભવ્ય રીતે અનેક પ્રકારના શણગારો જોવા મળે છે. હજારો લોકો આ રથયાત્રામાં ભાગ લે છે. ઠેર ઠેર અંગ કસરતો અને કવાયતના જુદા જુદા પ્રકારના દાવ લોકો ખેલતા હોય છે, સાથે સાથે પ્રસાદ અને ઠંડા પીણાં વગેરે પણ આપવામાં આવે છે.

આ ભગવાન જગન્નાથજીની યાત્રા રથયાત્રા સવારે નીકળી અને છેક સાંજ સુધી ચાલે છે દેશ વિદેશના અનેક લોકો પણ તેમાં સામેલ રહી અને આનંદ અનુભવે છે.

તે જ રીતે આ દિવસે ગોકુલ ,મથુરા, વૃંદાવન અમદાવાદ, દ્વારકા અને બેટમાંમંદિરોમાં રથયાત્રા નીકળે છે. દરેક ઠેકાણે હજારો લોકો આ રથયાત્રામાં ઉત્સાહથી ભાગ લે છે.

આમ ભારતમાં જુદી જુદી ધાર્મિક જગ્યાઓમાં રથયાત્રાનો ઉત્સવ સારી રીતે ઉજવવામાં આવે છે.

રતીલાલ વાયડ. નવી મુંબઈ.

-----------------------------------

NOG.SS.no - 0063

વિષય - પરંપરાગત રથયાત્રા

પ્રકાર - ગદ્ય

શીર્ષક - એક ઉમદા તાત્પર્ય

મનુષ્ય જીવનમાં સુખ અને દુઃખની ભરતીઓટ આવ્યાં જ કરે છે. આ પ્રકારની અનુભૂતિમાંથી ઈશ્વરે કોઈને બાકાત રાખ્યાં નથી. હા,કદાચ એટલે જ મનુષ્યમાં ક્યાંકને ક્યાંક ઈશ્વરનો ડર છે. જેથી એ વારેતહેવારે પ્રભુ ચરણમાં શીશ નમાવવા પહોંચી જાય છે. પોતાનાથી જાણેઅજાણે થયેલી ભૂલોની માફી માંગે અને સદ્દબુદ્ધિની પ્રાર્થના કરે.

આ તમામ જદ્દોજહેદ વચ્ચે પણ એક એવી ખેદજનક માન્યતાનું સમાજમાં વહન કરવામાં આવે છે અને અમુક વર્ગને પરમકૃપાળુ પરમાત્માના દર્શનનો નિષેધ ફરમાવવામાં આવે છે.

જ્યારે પણ જગતમાં આવી દુર્ભાગ્યપૂર્ણ મનોવૃત્તિનું વહન કરનારા લોકોનો અતિરેક થાય છે, ત્યારે સ્વયં ઈશ્વર કોઈ પવિત્ર આત્માને સત્કાર્યો માટે પૃથ્વી ઉપર જન્મ આપે છે. એનાં દ્વારા વિશેષ કાર્યનો આરંભ કરાવી, કોઈપણ અન્યાયપૂર્ણ પ્રથાનો વચલો માર્ગ ચિંધાડે છે.

આ વચલો માર્ગ એટલે સ્વયં ઈશ્વર, પોતાના ભાઈબહેન સાથે પૂરીની ગલીઓમાં ભ્રમણ કરી મનુષ્યમાત્રને દર્શન દઈ પરીતૃપ્ત કરે છે. જેને આપણે વર્ષોથી જુદીજુદી કથાઓથી જોડી 'રથયાત્રા' નામ આપ્યું.

- રીટા ભાયાણી

-----------------------------------

*NOG SS No* : *0110*

પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ

વિષય : પરંપરાગત રથયાત્રા

શબ્દો : 217

શીર્ષક : 'પ્રભુની નગરયાત્રા'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

હિન્દુ ધર્મમાં ધાર્મિક માન્યતાઓ સાથે જોડાયેલા અનેક ઉત્સવો લોકો ઉજવતા આવ્યા છે. લોકમાનસ પર છવાયેલો અને હિન્દુ ધર્મની પ્રાચીન પરંપરા અનુસાર ઉત્સાહપૂર્વક ધામધૂમથી ઉજવાતો આમાંનો એક ઉત્સવ એટલે રથયાત્રા. રથયાત્રાનો પવિત્ર દિવસ એટલે અષાઢ માસની શુક્લ પક્ષની દ્વિતિયા. આ દિવસે રથયાત્રામાં પસંદગીના શુભ વૃક્ષોના કાષ્ઠમાંથી નિર્માણ કરેલ ત્રણ અલગ અલગ રથમાં ભગવાન શ્રી જગન્નાથજી, તેમનાં બહેન સુભદ્રાજી અને મોટાભાઈ બલરામજી બિરાજમાન થાય છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાની પરંપરા પવિત્ર ધામ પુરીમાંથી ઉદ્ભવી છે. પુરીની રથયાત્રા જગવિખ્યાત છે અને તેમાં ભાગ લેવા લોકો વિશ્વના ખૂણે ખૂણેથી આવતાં હોય છે. પુરી ખાતેનું જગન્નાથજીનું મંદિર લગભગ ૮૦૦ વર્ષથી વધુ જૂનું છે જેને ચાર પવિત્ર ધામોમાંનું એક માનવામાં આવે છે. આ રથયાત્રામાં દોરડા દ્વારા શ્રધ્ધાપૂર્વક ભક્તલોકો ભગવાનના રથને આગળ ખેંચી જાય છે. કહેવાય છે કે જે ભક્તોને રથ યાત્રાનો રથ ખેંચવાનું સૌભાગ્ય મળે છે તે ખૂબ જ ભાગ્યશાળી માનવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર જે રથ ખેંચે છે તેને મોક્ષ મળે છે. ભગવાન જગન્નાથજીને ભગવાન કૃષ્ણ અને રાધાની યુગલ મૂર્તિનું સ્વરૂપ માનવામાં આવે છે.

ખૂબ મજાની વાત એ છે કે,આ દિવસે ભગવાન સ્વયં શહેરમાં નગરયાત્રા કરે છે. લોકોની વચ્ચે સામેથી દર્શન આપવા અને ખબર-અંતર લેવા આવે છે અને તેમના સુખ-દુઃખમાં સહભાગી બને છે. કેટલી સુંદર ભાવના અને અદ્ભુત આયોજન ! ભગવાનની આવી નગરયાત્રા નગરના જનસમૂહને ભગવાન શ્રી જગન્નાથજી સાથે ભક્તિભાવથી જોડાયાની અનુભૂતિ કરાવે છે અને વિશ્વમાં સહુની કુશલ મંગલની કામના કરે છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

-----------------------------------

NOG SS No. -- 39

વિષય - અષાઢીબીજ

પ્રકાર -- પદ્ય - અછાંદસ

શીર્ષક -- મેઘ મલ્હાર

રચના --

ટહુકે મોર મસ્ત બની, વાદળ મહીં ચમકે વીજ,<br>
ઘોર અંધારું ઘેરાઈ ગયું, આવી અષાઢી બીજ,

ખેડુ નભે નીરખે, આભે ઘનઘોર વાદળ ઘેરાય!<br>
અષાઢી બીજનાં બારણે, વર્ષાનાં છાંટણા થાય!

શ્રી કૃષ્ણ, સુભદ્રા ને બલરામ, સજી ધજી તૈયાર!<br>
ભક્તગણ ટાંપી ઉભા રહ્યાં, પ્રભુ દર્શનને કાજ!

×જય રણછોડ, માખણ ચોર', જયઘોષ બની સંભળાય!<br>
પ્રસાદ મગ ને જાંબુનો, મુઠ્ઠીઓ ભરી વહેંચાય!

નગરચર્યા નિરખવાં નિસર્યાં, માખણચોર માધવ!<br>
હૈયાંથી હૈયું ભીંસાય, લોક નાચી કુદી હરખાય!

અષાઢી બીજનાં વાંદણા લઈ, મેઘ મલ્હાર ગાય,<br>
વરસાદનાં આગમન થકી ચોમેર ખુશીઓ છવાય.

પ્રફુલ્લા ×પ્રસન્ના×

# ગુરૂ વચનામૃત...મન જ મનુષ્ય ના બંધન અને મોક્ષનું કારણ છે

અનેક જન્મોની અધૂરી રહેલી આ સંસારની મિથ્યા વાસનાઓ લાંબા સમયના અભ્યાસ વિના ક્ષીણ થતી નથી અને જ્યાંસુધી વાસનાઓ છે ત્યાંસુધી કર્મ ચાલુ રહે છે.કર્મોને સમાપ્ત કરવાં હોય તો વાસનાને મારવી પડે છે અને તે ભગવાનનું નામ લેવાથી જ મરે છે.અમે સંસારમાં રહીએ પરંતુ સંસાર અમારા મનમાં ના રહે તેવો પ્રયત્ન કરવો જોઈએ.મનને વિષયોમાંથી હટાવીને ઈશ્વરોન્મુખ બનાવવું ભક્તિથી જ સંભવ બને છે.

મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.વિષયાસક્ત મન બધ્ધ અને નિર્વિષય મન જ મુક્ત માનવામાં આવે છે.ગુરૂનો મહીમા ગાવાથી કલહ-ક્લેશ સૌ દૂર થાય છે, મનની અંદર નૂર આવે છે, મન શિતળ થાય છે, પાપી પણ પુનિત થાય છે, અમર વસ્તુને પામી જવાય છે અને જગતની તૃષ્ણાથી મન છુટે.

સદગુરૂની કૃપાથી જ મનમાં વિદ્યમાન અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો-સંશયો દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો-સંશયો દૂર થાય છે. ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂ વિના પમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

વિના દેખે મન ના માને મન માન્યા વિના પ્રેમ નહી, પ્રેમ વિના ના ભક્તિ થાયે ભક્તિ વિના ઉદ્ધાર નહી, ગુરૂ દેખાડે ગુરૂ મનાવે ગુરૂ જ પ્રેમ શિખવાડે છે, ગુરૂ વિનાની ભક્તિ નકામી જીવન વ્યર્થ ગુમાવે છે, સદગુરૂના ચરણોમાં આવી ઈશ્વરની ઓળખાણ કરો, "અવતાર" ગુરૂની કૃપાળુ દ્દષ્ટિ જીવનનું કલ્યાણ કરે. (અવતારવાણી)

જો મનને સુંદર બનાવવું છે,આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે. જો અમે ઘૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે. પરમાત્મા અનેક ગુણોના સ્વામી છે,તેમાંનો એક ગુણ નિર્મલ પાવન છે.મનને નિર્મલ બનાવવા દરેકે પરમાત્માની અનુભૂતિ કરવી જોઈએ.

માનવ જીવનમાં તમામ સમસ્યાઓ,દુઃખો અને તકલીફોનું પ્રમુખ કારણ મન છે કારણ કે મનુષ્યની તમામ ઈન્દ્રિયોમાં મન જ મુખ્ય છે.આમ તો કર્મ કરવા માટે પાંચ કર્મેન્દ્રિયો તથા કોઈ પણ જાણકારી મેળવવા પાંચ જ્ઞાનેન્દ્રિયો આપવામાં આવેલ છે પરંતુ કોઈપણ કર્મેન્દ્રિય કે જ્ઞાનેન્દ્રિય મનના આદેશ વિના કામ કરી શકતી નથી.મનનો સ્વભાવ છે:અવગુણોની તરફ દોડવું, કોઈની નિન્દા કરવાની હોય, કોઈને નુકશાન થાય તેવી યોજના બનાવવાની હોય,વ્યભિચારની વાતો થતી હોય ત્યાં મન ઘણું જ રસપૂર્વક સાંભળતું હોય છે એટલે જ તો લોકો પોતાની પ્રસંશા કરવામાં અને સાંભળવામાં.. બીજાના અવગુણોની ચર્ચા કરવામાં, ગપ્પાં મારવામાં, પોતાની મહત્તા વધારવામાં વ્યસ્ત જોવા મળે છે પરંતુ જો સત્સંગમાં જવાનું હોય,પ્રભુની ચર્ચા કરવાની હોય તો તેમની પાસે સમય હોતો નથી. મનની આ જ મૂઢતા છે કે પ્રભુ ભક્તિને છોડીને અસ્થાયી અને નિમ્ન કોટીના કામોમાં આનંદ પ્રાપ્ત કરવા ઈચ્છે છે.

મન એ બહુ બીકણ છે તેને ભય લાગે તો તે પાપ છોડે છે.મનને વારંવાર મૃત્યુની બીક બતાવી પ્રભુ પરમાત્માના નામ સુમિરણમાં જોડો.મન પર લગામ ના રહે,અંકુશ ના રહે તો તે બગડે છે.પહેલું મન બગડે પછી વાણી બગડે પછી વર્તન બગડે.જે મનને સાચવે છે તે મહાન બને છે. તન અને ધનને સાચવે તે સંસારી અને મનને સાચવે તે સંત.. મહાપુરુષો મનને બહુ સાચવે છે,મન જેની મુઠ્ઠીમાં છે તે જ સંત છે. જ્યારે જ્યારે મનમાં ખરાબ વિચારો આવે ત્યારે તેને સમજાવવું કે મૃત્યુ નિશ્ચિંત છે.

મૃત્યુના સમયે મન જેમાં લાગે છે તેવી જ ગતિ થાય છે.સારૂં કર્મ હોય કે ખરાબ કર્મ હોય..જેમાં મન લાગી જાય છે તે બંધનનું કારણ બને છે.જો મનને વશ કરી લેવામાં આવે તો વ્યક્તિ બંધનમુક્ત થઈ જાય છે એટલે કે મોક્ષને પ્રાપ્ત થઈ શકે છે તેના માટે ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂ પરમાત્માની શરણ ગ્રહણ કરવાની આવશ્યકતા છે.

બ્રહ્મની સાથે જોડાયેલા વ્યક્તિઓમાં પ્રભુના તેજનો પ્રવાહ પ્રગટ હોય છે.જે પરમ સત્યની સાથે જોડાયેલા છે તેમનામાં આધ્યાત્મિક શક્તિનો વાસ હોય છે.જ્યારે અમારૂં મન બ્રહ્મજ્ઞાનીઓના ચરણોમાં ઝુકે છે ત્યારે મનના વિકારો દૂર થાય છે તે અમોને અનેક મુશ્કેલીઓમાંથી બચાવે છે.

માનવ શરીર પ્રભુ દ્વારા આપવામાં આવેલ સર્વશ્રેષ્ઠ ઉપહાર છે એટલે આ દેહને પ્રભુની અમાનત અને પારકો માલ સમજીને તેનો પ્રયોગ કરવો જોઈએ એટલે કે દેહમાં પણ આત્મભાવ ના કરવો.મનથી અહંકાર અને અહંકારથી અનેક પ્રકારનાં દુઃખ પેદા થાય છે કારણ કે મન જેને મારૂં મારૂં કહે છે તે ક્યારેય પોતાનું થતું નથી અને જે પોતાનું છે તેની ખબર નથી.ચલ-અચલ સંપત્તિ અને પરીવાર જે દેખાય છે તે સાકાર વસ્તુઓ છાયાની જેમ અસત્ય અને જૂઠી (અસ્તિત્વહીન) છે. પ્રભુની આપેલ આ વસ્તુઓનો પ્રભુની આજ્ઞાથી, પ્રભુના માટે સમર્પિતભાવથી ભોગ કરવાથી અહંકારનો રોગ દૂર થઈ આનંદનો અનુભવ થાય છે.

સત્સંગ વિના આ ભવસાગર તરવો અસંભવ છે. જે લોકો સેવા સુમિરણ સત્સંગ કરતા નથી તેમને લોક પરલોકમાં આનંદ મળતો નથી.નિયમિત સત્સંગરૂપી ઝાડું મનને લગાવવાથી મન અને વિચાર શુદ્ધ નિર્મલ રહે છે.




મનના ભાવો,વિચારો,ચિંતન અને મનની પ્રતિક્રિયા આપણા મન અને જીવન પર થતી હોય છે. માણસ પોતાના સંકલ્પો અને ભાવોની જ પ્રતિમૂર્તિ હોય છે.આપણે જેવું વિચારીએ છીએ તેવા જ બની જઈએ છીએ.આપણે જેના પણ સંપર્કમાં આવીએ ત્યારે દરેક વ્યક્તિમાં પ્રભુદર્શન કરીએ, આમ કરવાથી તે વ્યક્તિ સાથેનો વ્યવહાર વધારે શુદ્ધ, સ્નેહમય બનશે.પ્રત્યેક વ્યક્તિને પરમાત્માનું સ્વરૂપ માનવાથી આપણે દરેકની સાથે છળકપટથી રહિત, નીતિ તેમજ ન્યાયયુક્ત વ્યવહાર કરી શકીશું. સૌમાં ઈશ્વર છે અથવા તો સૌ કોઈ ઈશ્વરમય છે એવી સમજ આપણા વ્યવહારને મંગલમય બનાવે છે.

(સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઈ માછી નિરંકારી

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## શ્રી એન.એમ. શાહ આર્ટ્સ & કોમર્સ કોલેજ શંખેશ્વરના સંસ્કૃત વિભાગદ્વારા ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ અંતર્ગત કાર્યક્રમ નીઆજ રોજ ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમ ની શુભ શરૂઆત ડૉ. કુંજલ ત્રિવેદી એ માં સરસ્વતી ની વેદોક્ત સ્તુતિ ગાન કરી કરી હતી . અને આમંત્રિત મહેમાનો નું શાબ્દિક સ્વાગત કર્યું હતું.ત્યારબાદ કોલેજ ના પ્રિન્સીપાલ શ્રી ડો. રાજેશ ત્રિવેદી સાહેબ દ્વારા સંસ્કૃત સાહિત્ય ની રોચક માહિતી આપવામાં આવી. સંસ્કૃત વિભાગ ના અધ્યાપક ડો. નીરવ કંસારા દ્વારા મેઘદૂત ખંડ કાવ્ય નો વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો.કોલેજ ના સંચાલક શ્રી નવીન ભોજક સાહેબ દ્વારા અધ્યક્ષીય વક્તવ્ય આપવામાં આવ્યું. કોલેજ પરિવાર ના અધ્યાપક મિત્રો હાજર રહ્યા હતા અનેમોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહીને આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમ નું સફળ સંચાલન અને



આભારવિધિ કોલેજ ના સાંસ્કૃતિક વિભાગ ના અધ્યક્ષા અને સંસ્કૃત વિભાગના અધ્યાપિકા ડો. કુંજલ ત્રિવેદીએકર્યું હતું.

ડૉ. કુંજલ ત્રિવેદી<br>
સંસ્કૃત પ્રોફેસર. કવિયત્રી.<br>
સંસ્કૃત ભારતી .કાર્યકર્તા.<br>
શ્રી એન. એમ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ શંખેશ્વર.<br>
પાટણ જિલ્લા મહિલા મોરચા મંત્રી ભાજપ..પાટણ ગુજરાત.

# પાટણ નગરપાલિકાના કોર્પોરેટર એ પાટણ જિલ્લા ભાજપ ના પ્રમુખને પેન્સિલ સ્કેચ ફોટો આપી સન્માન કર્યુ



પાટણ નગરપાલિકાના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા એ તેઓના જન્મ દિવસ નિમિત્તે પાટણ જિલ્લા ભાજપના માનનીય પ્રમુખશ્રી ડૉ. દશરથજી ઠાકોર સાહેબ ને તેઓનુ દોરેલ પેન્સિલ સ્કેચ ફોટો આપી અને શાલ ઓઢાડીને સન્માન કર્યુ તેમજ સંકલ્પ સંસ્થા અને ઉન્નતિ ફાઉન્ડેશન, પાટણ ના સંયુક્ત ઉપક્રમે કરેલ ઈ શ્રમ યોજનાનો લાભાર્થીઓ બહોળા પ્રમાણમાં લાભ લે તે માટે સતત દસ દિવસ સુધી કરવામાં આવેલ રાત્રિ કેમ્પની કામગીરી અને ઈ શ્રમ યોજનાનો એક હજાર ઉપરાંત લાભાર્થીઓએ લીધેલ લાભની માહિતી આપી. આ પ્રસંગે ઉન્નતિ ફાઉન્ડેશન ના પ્રમુખ અને પ્રદેશ ભાજપ આઈ. ટી. વિભાગના સહ પ્રભારી શ્રી પરેશભાઈ મકવાણા, ભાજપના કાર્યકર્તા અને ધી રોહિત સમાજ સહકારી મંડળી લિ ના ચેરમેનશ્રી અશોકભાઈ પરમાર અને સંકલ્પ સંસ્થાના પ્રમુખ અને પાટણ નગરપાલિકા ના કોર્પોરેટર રાજેન્દ્ર કે. હિરવાણીયા ઉપસ્થિત રહ્યા હતા.

# ઐતિહાસિક પ્રથમ ઓલિમ્પિયાડ ટોર્ચરીલે - ૪૪મી ચેસ ઓલમ્પિયાડ સેલિબ્રેશન

રમત ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૧૯ જૂન ૨૦૨૨ રોજ નવી દિલ્હી ખાતેથી ઐતિહાસિક ઓલમ્પિયાડ ટોર્ચનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઓલમ્પિયાડ ચેસની રમતના પર્યાય અને પાંચ વખતના વિશ્વ વિજેતા વિશ્વનાથન આનંદને સુપ્રત કરી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પ્રથમ ઓલમ્પિયાડ ટોર્ચનું આજે અમદાવાદ સાબરમતી આશ્રમ પાસે આગમન થયું હતું. જ્યાં ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહીને ખેલાડીઓમાં ઉત્સાહ વધાર્યો હતો. આ ટોર્ચ સાબરમતી આશ્રમથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા અને ત્યાંથી વડોદરા જશે. ત્યારબાદ સુરત, દમણ અને દિવ ખાતે આ ટોર્ચ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ટોર્ચને ૪૦ જેટલા દિવસમાં ૭૫ શહેરોમાં પહોંચાડવામાં આવશે. ચેસ ઓલમ્પિયાડના લગભગ ૧૦૦ વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ વખત છે કે ભારત આ પ્રતિષ્ઠિત ઈવેન્ટનું આયોજન કરશે. આ પ્રસંગે રમત ગમતના વિભાગ સચિવ શ્રી અશ્વિનીકુમાર, એલિસબ્રિઝના ધારાસભ્ય શ્રી રાકેશ શાહ, એડીસી બેંકના ચેરમેન શ્રી અજય પટેલ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ભાવેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# બજેટમાં જાહેર કરવામાં આવેલી ગૌ વંશ માટેની ૫૦૦ કરોડની યોજનાનો ઠરાવ તાત્કાલિક પસાર કરવા મુખ્યમંત્રી, નાણાંમંત્રી તેમજ પશુપાલન મંત્રીને રાજપુર ડીસા પાંજરાપોળ દ્વારા રજૂઆત

રાજ્યની તમામ પાંજરાપોળ/ગૌશાળાને કાયમી, દૈનિક પ્રતિ પશુ પ્રતિદીન સબસીડી આપવામાં આવે તેવી ઘણા વર્ષોથી માંગ ગૌશાળા—પાંજરાપોળોની હતી. પાંજરાપોળ ગૌશાળામાં અત્યારે સતત અબોલ જીવોની સંખ્યા વધતી જતી હોય. પાડા, વાછડા, ખૂબ મોટા પ્રમાણમાં આવી રહયાં છે, દાનની આવક ઘટી રહી છે. મોંઘવારી વધતી ગઈ છે. ગુજરાતની તમામ ગૌશાળા—પાંજરાપોળની વર્ષો જુની રજૂઆતને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ એ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉમદા જીવદયા ભાવનાથી પ્રોત્સાહિત થઈને અને રાજ્યનાં પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલનાં સહકારથી ૫૦૦ કરોડ અને નિઃસહાય (રખડતાં) ગૌમાતા, ગૌવંશ માટે ૧૦૦ કરોડ જાહેર કરવાની જાહેરાત બજેટમાં કરવામાં આવી હતી. આ યોજનાનો ઠરાવ હજુ સુધી બહાર પાડવામાં આવ્યો નથી. આ અંગે યોગ્ય કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલને રાજપુર ડીસા પાંજરાપોળ દ્વારા રજૂઆત કરવામાં આવ છે. આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, જો ૭ દિવસમાં સરકાર તરફથી આર્થિક સહાયની રકમ સંસ્થાઓ સુધી નહીં પહોંચે તો તબકકાવાર સંસ્થાઓએ ગૌ વંશ સહિતના જીવોનું જીવન બચાવવા માટે પશુઓને લઈને નજીકની સરકારી કચેરીએ લાવી લોકો પાસેથી આર્થિક સહાય અને ઘાસચારાની વ્યવસ્થા કરવા મજબૂર થવું પડશે. આ રજૂઆતમાં ત્રણ માસની બાકી આર્થિક સહાયની રકમ સંસ્થાઓ સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરવા સરકારને વિનંતી કરાઈ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલનો ખેડૂતોના હિતલક્ષી વધુ એક નિર્ણય

પાણીપુરવઠા અને જળસંપતિ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો માટે નહેરો થકી અને નર્મદાની નહેરો સાથે જોડાયેલા તળાવો ભરીને ખેડૂતોને ખરીફ પાકની વાવણીનો મહત્તમ લાભ આપવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા નર્મદા મુખ્ય નહેરોમાં પ્રતિદિન ૧૭૦૦૦ ક્યુસેક પાણી છોડવાનો નિર્ણય હાથ ધરવામાં આવ્યો છે.

સતત એક અઠવાડિયા સુધી છોડવામાં આવનાર પાણીથી ૧૧ લાખ હેક્ટર પિયત વિસ્તારમાં ખરીફ પાકની વાવણી સુપેરે ઉપલબ્ધ બનશે તેમ મંત્રી શ્રી એ જણાવ્યું હતુ.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો અને આગેવાનોની લાગણી અને માંગણીઓને ધ્યાને લઈ આ વિસ્તારોમાં સિંચાઈ માટે પૂરતુ પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતલક્ષી નિર્ણય હાથ ધરવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ખેડૂતો નર્મદા યોજનાનો મહત્તમ લાભ મેળવીને આ વર્ષે સંતોષકારક પાક મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ શાખા નહેરો અને માઈનોર કેનાલમાં પૂરતા પાણી પહોંચાડીને સિંચાઈનુ પાણી ઉપલબ્ધ કરાવવા પ્રયત્નો હાથ ધરાશે.

ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત જોડાયેલા ૭૦૦ થી વધુ તળાવોમાં પણ પાણી નાંખવામાં આવશે.

રાજ્યના જે વિસ્તારોમાં વરસાદ ઓછો પડ્યો છે તેવા તમામ વિસ્તારોમાં નર્મદાના પાણીનો લાભ આપવામાં આવશે તેમ મંત્રી શ્રી એ જણાવ્યું છે.

આ પ્રસંગે મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તાજેતરમાં કરમાવત અને મુક્તેશ્વર માટે પણ અલાયદી યોજનાને સૈધ્ધાતિંક મંજૂરી આપવામાં આવી છે. કરમાવત માટે ત્રણ વિકલ્પોમાંથી એક વિકલ્પ પંસદ કરીને ટૂંક સમયમાં જ સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવશે. અંદાજીત રૂ. ૫૦૦ કરોડના ખર્ચે ૧૧૨ હેક્ટર વિસ્તાર ધરાવતા મોટા તળાવમાં પાણી નાંખીને ૭૦ જેટલા ગામોને લાભાન્વિત કરવાનું સુદ્રઢ આયોજન હાથ ધરાયું છે.

-અમિતસિંહ ચૌહાણ

# ભારત સરકારનાં કેન્દ્રીય પશુપાલન મંત્રી જીવદયા પ્રેમી પરસોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેશે

વર્લ્ડ ઝુનોસીસ ડે નીમીતે તા. ૮ જુલાઈ, શુક્રવારે, સમસ્ત મહાજન તથા એનીમલ હેલ્પલાઈનનાં સંયુકત ઉપક્રમે, પશુ-પક્ષીઓ માટેનો નિઃશુલ્ક, મેગા, સર્વરોગ નિદાન તેમજ સારવારનો કેમ્પ. શ્વાનોને વિનામૂલ્યે રસીકરણ. ૨૦ નિષ્ણાંત તબીબો સેવા આપશે. સૌરાષ્ટ્ર-કચ્છના જીવદયા પ્રેમીઓને લાભ લેવા અપીલ.

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જાનવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' અને ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિતે યોજાનાર અનેક કાર્યક્રમોની શૃંખલામાં સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં પશુ-પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા—દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન તા. ૮, જુલાઈ, શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૭—૦૦ કલાક સુધી શ્રીમતી શેણી મેમોરીયલ ટ્રસ્ટ, શ્રેયસ સ્કૂલ પાસે, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, શેઠનગર પાસે, નાગેશ્વર તીર્થની સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. એનીમલ હેલ્પલાઈનના ડો. નિકુંજ પીપળીયા, ડો. દીપ સોજીત્રા, ડો. રવી માલવીયા, સેવાભાવી તબીબ ડો. અરવિંદ ગડારા, ડો. અરૂણ ઘીયાડ, ડો. હિરેન વિસાણી તેમજ પંચનાથ એનીમલ હોસ્પીટલનાં ડો. વિવેક કલોલા સહીતની ડોકટર્સની ટીમ પોતાની સેવા આપશે. આ કેમ્પમાં સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ ટ્રસ્ટનાં ડો. મણવર સહિતનાં નિષ્ણાંત તબીબો ઉપસ્થિત રહી સેવા આપશે. આ મેગા કેમ્પમાં જિલ્લા પંચાયત પશુપાલન શાખાનાં વરિષ્ઠ ડોકટર્સ ડો. ગોહીલ, ડો. ખાનપરા, ડો. જાકાસણીયા, ડો. કુંડારીયા તથા રાજકોટ મહાનગરપાલીકાના ડો. હિરપરા, ડો. ભાવેશ જાકાસણીયા, ડો. ઉપેન્દ્ર પટેલ સહિતના નિષ્ણાંત તબીબો સેવા આપશે. આ કેમ્પમાં પશુ-પક્ષીઓથી મનુષ્યોને તથા મનુષ્યોથી પશુ-પક્ષીઓને ફેલાતા રોગોના નિરાકરણ અંગે જનજાગૃતી તેમજ મેડીકલ માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પમાં આવેલા તમામ પશુ-પક્ષીઓને જનરલ હેલ્થ ચેકઅપ (ફુલ બોડી), શ્વાનોને વિનામૂલ્યે હડકવા વિરોધી રસીકરણ, આંખના—દાંતના—ચામડીના રોગોની તેમજ સર્વરોગોનું નિદાન, સારવાર કરી આપવામાં આવશે. સર્વરોગની જનરલ સારવાર, મેજર ઓપરેશન ઉપરાંત અન્ય સારવાર પણ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ભારત સરકાર સરકારનાં કેન્દ્રીય પશુપાલન મંત્રી જીવદયા પ્રેમી પરસોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેશે.

આ જીવદયા કેમ્પને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદો રામભાઈ મોકરીયા, મોહનભાઈ કુંડારીયા, મંત્રી અરવીંદભાઈ રૈયાણી, રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા, ધારાસભ્યશ્રીઓ ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયાની પણ શુભેચ્છા મળી રહી છે. આ જીવદયા કેમ્પને શુભેચ્છા પાઠવવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, મેયર શ્રી પ્રદીપભાઈ ડવ, ડેપ્યુટી મેયર ડો. શ્રીમતી દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ, પંચનાથ મંદીર તેમજ હોસ્પીટલના દેવાંગભાઈ માંકડ, જયોતીન્દ્રભાઈ મહેતા (મામા) સહિતનાં અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. કેમ્પને સફળ બનાવવા સમસ્ત મહાજનનાં અને કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનનાં મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, કુમારપાળ શાહ, ધીરુભાઈ કાનાબાર, રમેશભાઈ ઠક્કર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહીતનાની ટીમ જહેમત ઉઠાવી રહી છે. સૌરાષ્ટ્ર-કચ્છના જીવદયા પ્રેમીઓને આ મેગા, નિઃશુલ્ક કેમ્પનો લાભ લેવા અપીલ કરાઈ છે. કેમ્પ અંગેની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી મો.૯૮૨૪૨ ૨૧૯૯૯, પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦ ૩૦૩૯૩), કુમારપાળ શાહ (મો.૯૪૨૬૨ ૧૦૨૨૬), રમેશભાઈ ઠક્કર (મો.૯૯૦૯૯ ૭૧૧૧૬), ધીરેન્દ્રભાઈ કાનાબાર (મો.૯૮૨૫૦ ૭૭૩૦૬) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૦ થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓને વ્હીલચેર અપાઈ



ભગવાન શ્રી મહાવીર સ્વામીની કરૂણા જગતના સર્વ જીવો પ્રત્યે વહેતી આવી છે. સર્વ જીવ સૃષ્ટિના રક્ષણનો બોધ જેમણે આપ્યો છે તેવા શ્રી મહાવીર સ્વામીના ઉપદેશનું આંશીક અનુસરણ કરવા સંસ્થા દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન ગુજરાતમાં આવેલ ગૌશાળા/પાંજરાપોળમાં લગભગ ૧ કરોડ રૂપીયાથી વધુનો ચારો અલગ-અલગ પાંજરાપોળમાં પુરો પાડેલ. ખેડૂતના અશકત પશુ જે ખેડૂતોને બોજરૂપ લાગે છે જે ખડકીના દલાલ થકી કતલખાનામાં ન ધકેલાય, તેવા પશુઓને ખેડૂત પાસેથી લઈ પાંજરાપોળ સુધી પહોંચાડવાની તેમજ નિભાવની જવાબદારી સંસ્થા વતી લેવામાં આવે છે. છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન અંદાજે ૯૦,૦૦૦ થી વધુ જીવોને અભયદાન ગુજરાતની પાંજરાપોળમાં આપી ચુકેલ છે. પાંજરાપોળને પણ પશુ બોજરૂપ ન બને તે માટે પાંજરાપોળમાં દતક યોજના વર્ષ માટેનો નકરો રૂા. ૧૨,૦૦૦/- રાખી તે પ્રમાણે આવક પાંજરાપોળમાં ઉભી કરવામાં આવે છે. આદિ જિન યુવક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મુંબઈના નાલાસોપારા ખાતે ગુરુ ભગવંતની હાજરીમાં ૫૦ થી વધુ જરૂરિયાતમંદ હેન્ડીકેપ વ્યક્તિઓને વ્હીલચેર, ટ્રાઈસાઈકલ, વોકરનું અનુદાન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમનું ઉદ્‌ઘાટન દાતાઓ અને મહેમાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં ૧૦૦થી પણ વધુ વ્હીલચેરનું અનુદાન દાતાઓના સહયોગથી કરવામાં આવ્યું છે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને ટ્રાઈસાઈકલ આપીને આત્મનિર્ભર બનાવવામાં મદદ કરી હતી. આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષથી દરરોજ ૧૪૦ નિરાધાર વડીલોને બપોરનું ટિફિન તેમના ઘર સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે. અને તેમની મેડિકલ જરૂરિયાત પણ પૂરી કરવાની કોશિશ કરી રહ્યા છે. જરૂરિયાતમંદ દર્દીઓને વ્હીલચેર આપવાનું કાર્ય સફળ બનાવવા માટે આદિ જિન યુવક ચેરિટેબલ ટ્રસ્ટનાં જયેશભાઈ શાહ (જરીવાલા) (મો. ૯૯૨૦૪૯૪૪૩૩) ભરતભાઈ મહેતા (મો.૯૩૨૨૨૨૨૯૨૮), અશોકભાઈ લોઢા (મો.૯૮૨૦૨ ૭૪૬૨૦), હિતેશભાઈ સંઘવી (મો.૯૮૭૦૦૪૩૨૭૨) તેમજ સાથી ટીમ એ જહેમત ઉઠાવી હતી.

# WAAH ટ્રસ્ટ દ્વારા કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ની અમદાવાદ નજીક બારેજા ખાતે સ્થાપના

વિક્રમ એ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC) ના સહકારથી વાહ ફાઉન્ડેશન દ્વારા દસક્રોઈ તાલુકા મા આવેલ બારેજા ખાતે પ્રકાશ કેળવણી મંડળ દ્વારા સંચાલિત પ્રકાશ હાઈસ્કૂલમાં સૌ પ્રથમ WAAH કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની સ્થાપના ૨૫ જૂન ૨૦૨૨ ના રોજ કરવામાં આવી.

WAAH કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ૧૫૦ થી વધુ ટીચિંગ લર્નિંગ મટિરિયલ (TLM) જેવા કે મોડલ, શિક્ષણ સહાય, મોટા અને નાના ઈન્ટરેક્ટિવ પ્રદર્શનો, પ્રયોગો અને પ્રદર્શનો કરવા માટેની કિટ્સ, સાધનો, કોયડાઓ, પેનલ્સ, ચાર્ટ્સ, ટેમ્પલેટ્સ, પ્રકાશનો, વગેરે થી સજ્જ છે.

પ્રકાશ હાઈસ્કૂલના શિક્ષકો અને આસપાસની શાળાઓ પણ આ સુવિધાનો ઉપયોગ તેમના બાળકો સાથે વર્ગમાં કોઈ ચોક્કસ ખ્યાલ શીખવતી વખતે નિદર્શન સહિત વિવિધ વિજ્ઞાન શિક્ષણ પ્રવૃત્તિઓ કરવા માટે કરી શકે છે.

WAAH ફાઉન્ડેશનના વાઈસ-પ્રેસિડેન્ટ શ્રી સંજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, "આવતા ૩ મહિનામાં, VASCSC અને WAAH અન્ય ૩ આવા વિજ્ઞાન કેન્દ્રો સ્થાપશે. અમે બાળકો માટે 'લર્નિંગ બાય ડુઈંગ' અભિગમનો અનુભવ આપવામાં માનીએ છીએ અને તેથી જ સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપવાનો વિચાર અસ્તિત્વમાં આવ્યો." WAAH ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ અમીને ઉમેર્યું હતું કે, ×બારેજા ખાતે શરૂ થયેલા WAAH કોમ્યુનિટી સાયન્સ સેન્ટરની જેમ, અમે VASCSCના સહયોગથી ગુજરાતમાં આવા ૧૦૦ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરો બનાવવા ઈચ્છીએ છીએ.

જ્યારે, VASCSCના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી દિલીપ સુરકરે પણ પ્રકાશ પાડ્યો હતો કે, "આ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ ની ભલામણોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યું છે. ઉપરાંત, તે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને આસપાસના સમુદાયને લાભ કરશે. ગુજરાતના દરેક તાલુકામાં ઓછામાં ઓછું એક એવું સામુદાયિક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપવું જરૂરી છે." આ પ્રસંગે પ્રકાશ કેળવણી મંડળ ના પ્રમુખ યોગેનભાઈ પટેલ અને ઉપપ્રમુખ કૌશિકભાઈ પટેલ હાજર રહી આશિર્વચન આપ્યા હતા.અને પ્રકાશ હાઈસ્કૂલ ના આચાર્ય ખટાણા સાહેબે આ વિજ્ઞાન કેન્દ્ર નો બાળકો સારી રીતે ઉપયોગ કરશે તેવી ખાતરી આપી હતી. VASCSC અને WAAH સાથે મળીને આવા વધુને વધુ સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રો વિકસાવવા માટે હાથ મિલાવીને શાળાઓને STEM-સક્ષમ બનાવી રહ્યા છે.



તા.૩૦-૬-૨૦૨૨ સંજીવની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પાલડી અમદાવાદ ખાતે દર્દીઓને નિરામય જીવનની પ્રાપ્તિ થાય અને વિશ્વમાંથી કોરોના મહામારીની નાબુદ થાય તે માટેની પ્રાર્થના સાથે ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા ગાયત્રી યજ્ઞ અને ધન્વંતરિ પૂજન તુલસી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં હોસ્પિટલના તબીબો, કર્મચારીઓ, દર્દીઓએ સૌનાં કલ્યાણાર્થે ગાયત્રી મંત્ર, મહામૃત્યુંજય મંત્ર, ધન્વંતરિ મંત્ર, કોરોના નાબુદીના મંત્રોની આહુતિઓ પ્રદાન કરી હતી હાજર રહેલાં સૌને ગાયત્રી ચાલીસા, સપ્તઋષિઓના ફોટા નિઃશુલ્ક આપવામાં આવ્યા હતા તેમજ તુલસીના રોપાનું વિતરણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# ચાણસ્મા કોલેજ ખાતે યોજાયેલ નશીલા પદાર્થનું સેવન જનજાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયો



પાટણ બ્યુરો

નશીલા પદાર્થનું સેવન કરવું તે આરોગ્ય માટે હાનિકારક છે.ચાણસ્મા પોલીસ દ્વારા જનજાગૃતિ અભિયાન અંતર્ગત ચાણસ્મા કોલેજ ખાતે વિદ્યાર્થીઓનો એક દિવસીય સેમિનાર યોજાયો. તેમજ નશીલા પદાર્થોથી થતા નુકશાન અંગે અને લોક જાગૃતિ કેળવાય તે માટે ચાણસ્મા શહેરના જાહેર સ્થળો જેવા કે બસ સ્ટેશન, જાહેર બજાર ઉપર સ્ટીકરો લગાવીને લોક જાગૃતિ કેળવાય તે માટે અભિયાન ચલાવાયું હતું. ચાણસ્મા કોલેજ ખાતે પી.આઈ.આર. એમ. વસાવાએ કોલેજના વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યુ હતુ કે નશીલા પદાર્થોનું સેવન કરવું તે આરોગ્ય માટે હાનિકારક છે.અને તે માટે વ્યસન મુક્ત રહો અને આવા નશીલા પદાર્થનું સેવન ન કરીએ અને પોતાનું જીવન બચાવીએ તેવી શીખ આપી હતી. ચાણસ્મા કોલેજ ખાતે યોજાયેલા નશીલા પદાર્થનું સેવન જનજાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનારમાં પી.આઈ. આર. એમ. વસાવા, અશોકભાઈ ચૌધરી ટ્રાફિક પોલીસ, મહેન્દ્રભાઈ બારોટ, ટીઆરબી ના જવાનો, પોલીસ કર્મચારીઓ પૂર્વ તાલુકા સદસ્ય કૈલાસભાઈ પટેલ, રૂપપુર કોલેજના આચાર્ય ડોકટર રોહિતભાઈ દેસાઈ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.